**આજનો સુવિચાર**

જયારે શસ્ત્રનો ઘા શરીર પર લાગે છે ત્યારે જ વીરતાની કસોટી થાય છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૯૦ જૂનાગઢ તા.૩-૪-૨૦૨૩ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)


## કોરોનાની ચોથી લહેર આવી ગઈ ? દેશમાં કોરોનાનાં કેસ એક સપ્તાહમાં બમણા



નવી દિલ્હી તા.૩ : ભારતમાં કોરોનાએ ફરી માથુ ઉંચકયુ છે અને દૈનિક કેસમાં રોજેરોજ ઝડપી વૃદ્ધિ જોવા મળી રહી છે ત્યારે છેલ્લા એક સપ્તાહમાં દેશમાં કોરોના સંક્રમણ રેટ ડબલ થઈ ગયાનો રીપોર્ટ જારી થયો છે. જાન્યુઆરી ૨૦૨૨ પછીનો આ સૌથી મોટો અઠવાડીક વૃદ્ધિદર છે. ભારતમાં ૨૬ માર્ચથી એક એપ્રિલના અઠવાડિયામાં કોરોનાના કુલ ૧૮૪૫૦ કેસ નોંધાયા હતા. જે આગલા સપ્તાહના ૮૭૮૧ની સરખામણીએ ૨.૧ ગણા છે. સંક્રમણદર ડબલ થવાની ઝડપ સાત દિવસ કરતા પણ ઓછી થઈ ગઈ છે. જાન્યુઆરી ૨૦૨૨ આ પછીનો સૌથી મોટો વૃદ્ધિદર થયો છે. આ ઉપરાંત મૃતકોની સંખ્યા પણ વધવા લાગી છે. છેલ્લા સાત દિવસમાં ૩૬ લોકોએ કોરોનાથી જાન ગુમાવ્યા છે જે સંખ્યા આગલા સપ્તાહમાં ૨૯ની હતી. સતાવાર રિપોર્ટ પ્રમાણે છેલ્લા એક સપ્તાહ દરમ્યાન સૌથી વધુ કેસ નોંધાયા હતા. આ સિવાય ગોવા, દિલ્હી, હિમાચલપ્રદેશ, પંજાબ, હરિયાણા, ગુજરાત તથા ઉત્તરપ્રદેશ જેવા આઠ રાજયોમાં કોરોનાના કેસોમાં ઉછાળો નોંધાયો છે. આ સિવાય કર્ણાટક તથા તામીલનાડુમાં પણ સંક્રમણ વધ્યુ છે. કેરળમાં છેલ્લા સપ્તાહમાં ૪૦૦૦ જેટલા કોરોના કેસ નોંધાયા હતા જે સમગ્ર દેશમાં સૌથી વધુ છે. મહારાષ્ટ્ર કરતા પણ કેરળમાં સંક્રમણ વધી ગયુ છે. આ સિવાય મહારાષ્ટ્રમાં ૩૩૨૩ કેસ નોંધાયા હતા. જે આગલા અઠવાડિયાની સરખામણીએ ૭૦ ટકા વધુ હતા. આગલા સપ્તાહમાં ૧૯૫૬ કેસ નોંધાયા હતા.

કોરોના વૃદ્ધિદરમાં ગુજરાત પણ ટોપ-૩ રાજયમાં સામેલ છે. જો કે, વૃદ્ધિદર આગલા સપ્તાહમાં ૧૩૯ ટકાથી ઘટીને ૫૩ ટકા રહી ગયો છે. હિમાચલ પ્રદેશમાં અઠવાડિક કેસોમાં ત્રણ ગણો વધારો થયો છે. જયારે પાટનગર દિલ્હીમાં એક સપ્તાહ દરમ્યાન અઢી ગણો વધારો થયો છે. છેલ્લા સાત દિવસમાં ચેપના દરે કોરોનાના ત્રીજી લહેરને પાછળ છોડી દીધો છે. જાન્યુઆરી ૨૦૨૨માં કોરોનાની ત્રીજી લહેર આવી હતી. તે પછી હવે સંક્રમણ સૌથી ઝડપથી ફેલાઈ રહ્યું છે. અત્રે નોંધનીય છે કે, ૨૬ માર્ચથી ૧ એપ્રિલ સુધીના સપ્તાહમાં કોરોનાના કુલ ૧૮૪૫૦ નવા કેસ સામે આવ્યા છે. આ તેના પહેલાના અઠવાડિયા કરતા બમણું છે.

આ હિસાબથી જો ડબલિંગ ટાઈમ જોઈએ તો તે ઘટીને એક સપ્તાહ થઈ ગયો છે, જે ચિંતાનું કારણ છે. ત્રીજી લહેર દરમિયાન ચેપનો ડબલિંગ રેટ એક અઠવાડિયા કરતાં વધુ હતો. બીજી તરફ, રાહતની વાત એ છે કે સંક્રમિતનો સમય ઓછો થયો હોવા છતાં, દૈનિક કોરોના કેસ હજુ પણ ઘણા ઓછા છે અને કોરોનાને કારણે મૃત્યુ ખૂબ ઓછા છે. છેલ્લા એક સપ્તાહમાં કોરોના સંક્રમણને કારણે ૩૬ લોકોએ જીવ ગુમાવ્યા છે.

## રાહુલ ગાંધી આજે સુરતની સેશન્સ કોર્ટમાં અપીલ દાખલ કરશે : લોખંડી બંદોબસ્ત : કોંગી કાર્યકરોની અટકાયત

સુરત તા. ૩

સુરતની કોર્ટમાં કોંગ્રેસી સાંસદ રાહુલ ગાંધી સામે ભાજપના ધારાસભ્ય પૂર્ણેશ મોદીએ 'મોદી' અટક ધરાવતી વ્યક્તિઓ પર ટિપ્પણી કરવા બદલ માનહાનિનો કેસ દાખલ કર્યો હતો. આ કેસમાં ગત તા.૨૩ માર્ચે ચુકાદો આવ્યો હતો, જેમાં રાહુલ ગાંધીને સુરત કોર્ટે બે વર્ષની સજા અને પંદર હજાર રૂપિયાના દંડની સજા સંભળાવી હતી. આ ચુકાદા બાદ રાહુલ ગાંધીના વકીલે જામીન માગ્યા હતા અને તરત જ ૩૦ દિવસના જામીન આપવામાં આવ્યા હતા. સજાના બીજા જ દિવસે ૨૪ માર્ચે રાહુલ ગાંધીને સાંસદપદ ગુમાવવું પડ્યું હતું. હવે આજરોજ સાંસદપદ ગુમાવ્યાના ૧૧ દિવસ બાદ રાહુલ ચુકાદા સામે સુરતની સેશન્સ કોર્ટમાં અપીલ કરવાના છે. સુરક્ષાને પગલે પોલીસ દ્વારા રાહુલ ગાંધી આવે તે પહેલા રિહર્સલ કરવામાં આવ્યું હતું. તેમના આવવાના રૂટ પર પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

રાહુલ ગાંધીની સાથે પ્રિયંકા ગાંધી, રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોત અને છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ ઉપરાંત કાયદાકીય ટીમ પણ સુરતમાં હાજરી આપશે. પ્રાપ્ત માહિતી મુજબ વડોદરા શહેર કોંગ્રેસ પ્રમુખની આગેવાનીમાં મોટી સંખ્યામાં કોંગ્રેસ કાર્યકરો સુરત આવવા માટે નીકળી ગયા છે. રાહુલ ગાંધી જિંદાબાદના નારા સાથે કોંગ્રેસ કાર્યલયથી કોંગ્રેસ કાર્યકરો ખાનગી બસમાં સુરત માટે રવાના થયા હતા.

સુરત જિલ્લાના કોંગી કાર્યકરોને નજર કેદ કરાયા છે. રાહુલ ગાંધી સુરત આગમન પહેલા અનેક આગેવાનોને નજર કેદ કરાયા છે. જિલ્લા પોલીસ નેતાઓના ઘરે જઈને નજર કેદ કર્યા છે. કોગ્રેસ જિલ્લા પ્રમુખ અને જિલ્લા મહિલા કોગ્રેસ પ્રમુખ સહિતના નેતાઓને નજર કેદ કરવામાં આવ્યાં છે. આ અંગે સુરત જિલ્લા મહિલા પ્રમુખ સ્વાતિ પટેલએ જણાવ્યું હતું કે, લોકશાહી તેમજ વ્યક્તિ સ્વત્રંતા પર તરાપ છે. અમે વિરોધ કે આંદોલન માટે ભેગા થવાના નથી અમારા નેતાના સમર્થનમાં એમનો જુસ્સો વધારવા એકત્ર થવાના હતા. આ રીતે નજરકેદ કરીને આ તાનાશાહી સરકાર ખોટું કરી રહી છે.

સુરત એરપોર્ટથી લઈ સર્કિટ હાઉસ સુધીના રસ્તા પર ઠેર ઠેર કોંગ્રેસ દ્વારા રાહુલ ગાંધીના સમર્થનમાં પોસ્ટરો લગાવવામાં આવ્યા છે. જાણે માનહાનિનો કેસ ચૂંટણી પ્રચારનો રાજકીય રંગ ધારણ કરી લીધો હોય તે પ્રકારનો માહોલ જોવા મળી રહ્યો છે.

## કેરળમાં બનેલી ચકચારી ઘટના : ચાલતી ટ્રેનમાં ત્રણ વ્યકિતને જીવતી સળગાવી દીધી

કોચી, તા.૩: કેરળના કોઝિકોડમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. રવિવારે મોડી રાત્રે એક પાગલ મુસાફરે અન્ય મુસાફરો પર પેટ્રોલ છાંટીને આગ ચાંપી દીધી હતી. આ ઘટનાને કારણે ટ્રેનની બોગીમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. ઉતાવળમાં ત્રણ લોકો ચાલતી ટ્રેનમાંથી કૂદી પડ્યા. આ હૃદયદ્રાવક ઘટનામાં એક બાળક સહિત ત્રણ લોકોના મોત થયા છે જ્યારે ૯ લોકો ખરાબ રીતે દાઝી ગયા છે. પોલીસને પાટા પાસે એક થેલી મળી આવી, જેમાં પેટ્રોલની બોટલ અને બે મોબાઈલ ફોન હતા. પોલીસનું કહેવું છે કે આતંકવાદી એંગલને નકારી શકાય તેમ નથી.

આ ઘટના કેરળના કોઝિકોડ રેલ્વે સ્ટેશન પાસે રવિવારે રાત્રે લગભગ ૯.૫૦ વાગ્યાની આસપાસ જણાવવામાં આવી રહી છે. પોલીસ પાસેથી મળેલી માહિતી અનુસાર, કોઝિકોડ રેલ્વે સ્ટેશન પાસે અલાપ્પુઝા-કન્નુર એક્સપ્રેસના ડી-૧ કોચમાં એક અજાણ્યા વ્યકતિએ સહ-યાત્રીઓ પર પેટ્રોલ રેડીને તેમને આગ ચાંપી દીધી હતી. જેના કારણે ટ્રેનમાં અરાજકતા સર્જાઈ હતી. ઉતાવળમાં કેટલાક લોકો બોગીમાંથી કૂદી પડ્યા. જેમાં એક બાળક સહિત ત્રણ લોકોના મોત થયા હતા. ત્રણેયના મૃતદેહ પાટા પરથી મળી આવ્યા છે. આ હૃદયદ્રાવક ઘટનામાં ૯ લોકો દાઝી ગયા હતા. જેની હોસ્પીટલમાં સારવાર ચાલી રહી છે.

પોલીસના જણાવ્યા અનુસાર મૃતકોમાંથી બેની ઓળખ તૌફિક અને રેહાના તરીકે થઈ છે. પોલીસે ટેરરએન્ગલને નકારી ન હતી કારણ કે તેઓએ ટ્રેકમાંથી પેટ્રોલની બીજી બોટલ અને બે મોબાઈલ ફોન ધરાવતી બેગ મળી હતી.

જણાવવામાં આવી રહ્યું છે કે એક્સપ્રેસ ટ્રેનમાં ચઢવાને લઈને કથિત રીતે ઝઘડો થયા બાદ એક વ્યકતિએ બીજા મુસાફર પર કોઈ જ્વલનશીલ સામગ્રી નાખીને તેને આગ લગાવી દીધી હતી. જેના કારણે ભાગદોડ અને આગના કારણે ૩ લોકોના મોત થયા હતા અને ૯ લોકો ઘાયલ થયા હતા. મળતકોમાં એક મહિલા અને એક બાળકનો પણ સમાવેશ થાય છે. ઘાયલોને સારવાર માટે હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે. ઘટનાને અંજામ આપનાર વ્યકતિ ટ્રેનની ચેઈન ખેંચીને નાસી જવામાં સફળ રહ્યો હતો.

## દેશનાં સૌથી મોટા સાયબર કાંડમાં ભારતનાં ૬૭ કરોડ લોકોનાં વ્યકિતગત ડેટાની ચોરી : ગુજરાત કનેશન ખુલ્યું

નવી દિલ્હી તા.૩ : ટેકનોલોજીયુગમાં વધતા સાઈબર કાંડ વચ્ચે ભારતમાં અત્યાર સુધીની સૌથી મોટી ડેટા ચોરીનો ખુલાસો થયો છે. ગુજરાત સહીત ૨૪ રાજયો તથા આઠ મહાનગરોનાં ૬૬.૯ કરોડના પર્સનલ ડેટાચોરી લેવાયા છે. જેમાં એક વ્યક્તિની ધરપકડ થઈ છે અને ગુજરાતનાં બે લોકોના કનેકશન ખુલ્યા છે. હૈદરાબાદની સાઈબર ક્રાઈમ પોલીસે ડેટાચોરીનાં મામલે ફરીદાબાદનાં વિનય ભારદ્વાજ નામના શખ્સની ધરપકડ કરતા સમગ્ર કૌભાંડનો ખુલાસો થયો છે.

આ મામલે ત્રણ બેંકો, એક સોશ્યલ મિડિયા કંપની તથા એક આઈટી સર્વીસ, સહીત ૧૧ કંપની સંગઠનોને નોટીસ જારી કરીને પોલીસ દ્વારા તેડુ મોકલવામાં આવ્યું છે. આરોપી ફરીદાબાદથી યુ-ટયુબર વેબસાઈટ મારફત ઓપરેશન ચલાવતો હતો તેમના કબ્જામાંથી જપ્ત કરાયેલા મોબાઈલ તથા લેપટોપની ચકાસણી કરવામાં આવતા તેમાંથી કરોડો લોકોના અંગત માહીતી પર્સનલ ડેટા મળી આવ્યા હતા. સરકારી કર્મચારીઓ, પાનકાર્ડ ધારકો, ધો.૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ સીનીયર સીટીઝનો દિલ્હીના વિજ ગ્રાહકો, ડીમેટ ખાતાધારકો, નીટની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓ, ધનકુબેરો, વિઝાધારકો, ક્રેડીટ કાર્ડ ધારકો, ડેબીટ કાર્ડ ધારકોના ડેટા તથા મોબાઈલ નંબર મળી આવ્યા હતા. પોલીસે લોકોની ખાનગી માહિતી પર્સનલ ડેટા ચોરીને તેનું વેચાણ કરવાનો આરોપ મુકીને વિનય ભારદ્વાજની ધરપકડ કરી છે. આરોપી ફરીદાબાદનાં જ વલ્લભગઢ વિસ્તારમાં ઓફીસ ધરાવે છે. ૨૪ રાજયો તથા ૮ મહાનગરોના લોકોના પર્સનલ ડેટા ચોરીને વેચવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. આ બનાવનું ગુજરાત કનેકશન પણ ખુલ્યું છે





**ચાલો વિમાન દ્વારા પ્રીમીયમ એર પેકેજ**
અમદાવાદ થી જતા-આવતા એર ટિકીટ
સ્ટાર કેટેગરી હોટલ • સ્વાદિષ્ટ ભોજન • સાઈટસીન
સિમલા-મનાલી-ડેલહાઉસી / અમૃતસર-ખજીયાર-વાઘા બોર્ડર — અમદાવાદ થી ચંદીગઢ જતા-આવતા એર ટિકીટ — By Air 27000 Day-6, 35000 Day-9
કેરાલા-મુન્નાર-થેકડી / ક.કુમારી-એલપ્પી-કોવાલમ — અમદાવાદ થી કોચીન જતા-આવતા એર ટિકીટ — 35000 Day-8
નૈનિતાલ કોર્બેટ-મસુરી-હરિદ્વાર | કાશ્મીર શ્રીનગર-વૈ.દેવી | GOA 3 Night Resort
બેંગ્લોર-ઉટી-મૈસુર-કુર્ગ • દાર્જીલીંગ-સિક્કીમ • ચારધામયાત્રા
શિવ ટ્રાવેલ્સ લીમડા ચોક રાજકોટ 93746 31854
અમદાવાદ ઓફિસ : 90163 60563

**લકઝરીયસ ડુપ્લેક્ષ વેચવાનું છે**
અદ્યતન ફીકસ ફર્નિચર સાથે ચાર મોટા બેડરૂમ, એક મોટો સીટીંગ રૂમ, મોટો ડ્રોઈંગ રૂમ, પુજા રૂમ, સ્પેશ્યલ કીચન કમ ડાઈનીંગ, સ્વતંત્ર બોર, ૯૦૦૦ લીટર ચોમાસાના પાણી ભૂગર્ભ ટાંકો, ૯ વર્ષનું તદ્દન નવું જ પાયાથી/ કોલમથી બાંધકામ, ૧૫૨ વાર જગ્યા, ૩૭ ૩૭ ફૂટનો ચોરસ પ્લોટવાળું ઉત્તરભીમુખ, સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર વાળુ, આધાત્મિકતા અને ઉર્જા સાથેનું ડુપ્લેક્ષ વેચવાનું છે.
મો. ૭૫૭૫૮ ૦૬૫૮૫

**જૂનાગઢમાં વેચવાનું છે**
(૧) ડો. જસાણીનું ચાર માળનું દવાખાનું, પોસ્ટ ઓફીસ રોડ
(૨) નીલકમલ -૧ માં પહેલા માળે ફલેટ
(૩) ગાંધીગ્રામ કોન્વેન્ટ સ્કુલ સામે ૫૦૦ વારમાં ૧૦ દુકાનો, આઠ રૂમ વાળો બંગલો
(૪) રાયજીબાગ ઓરચીડમાં ફલેટ
(૫) ૩૨૦૦૦ ચાલેલી એસેન્ટ ગાડી
મો. ૮૧૫૬૦ ૧૯૯૯૯

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો


તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...






# અંબાજી માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવાતા અનિલકુમાર રાણાવાસીયા



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢતા.૩

જૂનાગઢ જિલ્લા કલેકટર પદે વરાયેલા નવનિયુકત કલેકટર અનિલકુમાર રાણાવસીયાએ આજરોજ ગિરનાર ઉપર બિરાજમાન જગતજનની માં અંબાના ભાવપૂર્વક દર્શન અને પૂજન-અર્ચન કરી પોતાના હોદ્દાનો ચાર્જ લીધો હતો. આજરોજ વહેલી સવારે જિલ્લા કલેક્ટર અનિલ કુમારે જગતજનની માં અંબાની પૂજા-અર્ચના સાથે પોતાના હોદ્દાનો ચાર્જ લીધો હતો અને મંદિર ટ્રસ્ટના મહંત તનસુખગીરી બાપુ દ્વારા કલેક્ટરને માતાજીની ચુંદડી પ્રસાદી સ્વરૂપે અર્પણ કરી અને પ્રજાભિમુખ વહીવટ કરવા અને લોકોના કાર્યો કરવા માતાજી વતી રૂડા આશીર્વાદ આપ્યા હતા. જિલ્લા કલેકટરની સાથે નવનિયુકત અધિક કલેક્ટર પટેલ, મામલતદાર તેજસ જોશી વગેરે હાજર રહ્યા હતા.

(તસ્વીર : વિજયત્રિવેદી)

# બિલખામાં શ્રી પંચમુખી હનુમાન મઢી દ્વારા આયોજીત શ્રીમદ ભાગવત જ્ઞાનયજ્ઞ સપ્તાહની પૂર્ણાહુતી

## સેંકડો ભાવિકોએ જ્ઞાન અને પ્રસાદનો લાભ લીધો






(પ્રતિનિધિ દ્વારા)

બિલખા તા. ૩

બિલખામાં આવેલ શ્રી પંચમુખીહનુમાન મઢીનાં મહંત શ્રી રામદાસ બાપુ અને ગ્રામજનો દ્વારા ગત તા. ૨૭-૩-૨૩થી શ્રીમદ ભાગવત જ્ઞાનયજ્ઞ સપ્તાહનું આયોજન કરવામાં આવ્યુંહતું. જેની ગઈકાલે તા. ૨-૪-૨૩નાં રોજ પૂર્ણાહુતી થઈ હતી. આ કથામાં વ્યાસપીઠ ઉપર રાજુભાઈ સાતા (જોષી)એ તેમની રસભરી શૈલીમાં ભાવિકોને રસતરબોળ કર્યા હતાં. ગૌશાળાનાં લાભાર્થેયોજાયેલ જ્ઞાનયજ્ઞમાં રાત્રે લોક સાહિત્ય અને સુંદરકાંડ જેવા કાર્યક્રમોનું પણ ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. શ્રોતાઓને દરરોજ શ્રી પંચમુખી હનુમાન મઢીનાં સિધ્ધ મહંતશ્રી રામદાસ બાપુએ ખુબ ભાવથી અને આગ્રહથી પ્રસાદ પીરસ્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી પંચમુખી હનુમાન મઢીનાં યુવા ગૃપ અને ગ્રામજનો દ્વારા તનતોડ મહેનત કરવામાં આવી હતી.

# દેવભૂમિ દ્વારકા ખાતે આજે ભગવાનશ્રી કૃષ્ણ અને રૂક્ષ્મણી ભવ્ય વિવાહ સત્કાર સમારંભ યોજાશે



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૩

ઉત્તરપૂર્વી સંસ્કૃતિને પશ્ચિમની સંસ્કૃતિ સાથે જોડતો મેળો એટલે માધવપુરનો મેળો. ગુજરાત સરકાર દ્વારા દેવભૂમિ દ્વારકા ખાતે ભગવાનશ્રી કૃષ્ણ અને રૂક્ષ્મણી વિવાહ પ્રસંગઅંતર્ગત શ્રીકૃષ્ણ અને રૂક્ષ્મણીજીનું ભવ્ય સ્વાગત સત્કાર કરવાનું સૌપ્રથમ વાર આયોજન કરવામાં આવ્યું છે. આજે તા.૩ એપ્રિલના રોજ દેવભૂમિ દ્વારકા ખાતે ભગવાનશ્રી કૃષ્ણ અને રૂક્ષ્મણી ભવ્ય વિવાહ સત્કાર કાર્યક્રમનું આયોજન સર્કિટ હાઉસ પાછળના ગ્રાઉન્ડ ખાતે ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડ, રમતગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ તથા જિલ્લા વહીવટી તંત્ર, દ્વારકાધીશ દેવસ્થાન સમિતિ ઉપક્રમે આયોજિત થનાર છે. જેમાં મુખ્ય અતિથિ તરીકે ગુજરાત રાજયના રાજયપાલ આચાર્ય દેવવ્રત, આસામ રાજયના મુખ્યમંત્રી હેમંતા બિશ્વા શર્મા, અરૂણાચલ પ્રદેશના મુખ્યમંત્રી પેમાં ખાંડુ તેમજ કેન્દ્રિય રાજયમંત્રી મીનાક્ષી લેખી તેમજ ગુજરાત સરકારના મંત્રીઓ ઊપસ્થિત રહેશે. કાર્યક્રમમાં સાંજના ૪ કલાકે હાથી ગેટ ખાતેથી ભવ્ય શોભાયાત્રા નીકળશે. ત્યારબાદ મંદિર ચોક, રૂક્ષ્મણી મંદિર અને રસ્તામાં આવતા રૂટ ઉપર નીકળનાર શોભાયાત્રાનું પણ સ્વાગત કરાશે. સૌપ્રથમ હર્ષદ ખાતે પણ બપોરે ગ્રામજનો દ્વારા સ્વાગત કરાશે. સાંજે ૬ કલાકેથી સર્કિટ હાઉસ, દ્વારકા પાછળના ગ્રાઉન્ડ ખાતે મલ્ટીમીડિયા શો તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. દ્વારકા ખાતેના કાર્યક્રમમાં મહાનુભાવો ઉપરાંત ભક્તો તેમજ અગ્રણીઓ પણ ઉપસ્થિત રહેશે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિવિધ સમિતિઓ બનાવી આ કાર્યક્રમ સુંદર રીતે યોજાય તે માટે રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ આયોજન કરાયું છે.

## જૂનાગઢમાં મોબાઈલ ચોરાયાની વધુ એક ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩

જૂનાગઢનાં જોષીપરા શિવાનીનગર ખાતે રહેતા મીતભાઈ પરેશભાઈ ધડુક(ઉ.વ.૧૯)એ અજાણ્યા શખ્સ વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, ફરિયાદીનો વિવો કંપનીનો રૂા.૨૦ હજારની કિંમતનો મોબાઈલ ચોરાયાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા સી ડીવીઝન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જૂનાગઢમાં છ વર્ષના બાળકે પહેલુ રોઝુ રાખ્યું



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩

મુસ્લિમોનો પવિત્ર માસ રમઝાન શરૂ થઈ ચૂક્યો છે. રવિવારના રોજ મુસ્લિમોના પવિત્ર માસ રમઝાનનું ૧૦મું રોઝું હતું. ત્યારે ધક ધકતા તાપમાનમાં છ વર્ષના બાળક મોહમ્મદ મુસ્તફા દાદુભાઈ લાસારીએ ખુદાની બંદગીની સાથે ૧૪ કલાક ભૂખ્યા તરસ્યા રહીને રોઝુ રાખ્યું હતું. સાથે ખુદાની બંદગી કરીને દુનિયામાંથી તમામ તકલીફો અને બીમારીઓ દૂર થાય તેવી અલ્લાહ પાસે સીર ઝુકાવી દુઆ કરી હતી.

(તસ્વીર : અમ્મ્માર બખાઈ)


મહાનગર સેવા સદન, જુનાગઢ
હિસાબી શાખા
જાહેર નિવિદા નં.૧/ ૨૦૨૩-૨૪

હિસાબી /જા.નં.-૧૩૭૦/૨૦૨૩ તા. ૩૧/૩/૨૦૨૩

જુનાગઢ મહાનગર સેવા સદન "સ્વામી વિવેકાનંદ ભવન" આઝાદ ચોક, જુનાગઢની હિસાબી શાખા દ્વારા સને ૨૦૨૧/૨૨ થી ૨૦૨૩/૨૪ સુધીની બેલેન્સ સીટ તૈયાર કરવી તથા સને ૨૦૨૩/૨૪ માટે જી.એસ.ટી. ઈન્કમટેકસ માટે ટેક્ષેશન એડવાઈઝરી એન્ડ કમ્પલાયન્સ સર્વિસ માટે અનુભવી ચાર્ટડ એકાઉન્ટન્ટ ફર્મ પાસેથી ઉપરોક્ત કામ માટે ફકત ઓનલાઈન શોર્ટ ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવે છે. આ કામના ટેન્ડરો website:https://junagadh.nprocure.com ઉપરથી તા. ૦૧/૦૪/૨૦૨૩ થી જોવા મળશે અને ટેન્ડરો ઓન લાઈન ભરવાના રહેશે. આ કામો અંગેની વિગતવાર ટેન્ડર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ અને માહિતી વિભાગની વેબ સાઈટ www.statetenders.com પર જોવા મળશે.

| કામની વિગત | ૧. કામની અંદાજીત કિંમત<br>૨. બાનાની રકમ (ઈ.એમ.ડી.)<br>૩. ટેન્ડર ફી (નોન રીફંડેબલ)<br>૪. સમય મર્યાદા |
|---|---|
| સને ૨૦૨૧/૨૨ થી ૨૦૨૩/૨૪ સુધીની બેલેન્સ સીટ તૈયાર કરવી તથા સને ૨૦૨૩/૨૪ માટે જી.એસ.ટી. ઈન્કમટેકસ માટે ટેક્ષેશન એડવાઈઝરી એન્ડ કમ્પલાયન્સ સર્વિસ | ૧. રૂા.૧૩,૦૦,૦૦૦/-<br>૨. રૂા. ૩૯૦૦૦/-<br>૩. રૂા. ૧૫૦૦/-<br>૪. ૬૦ દિવસ |
| કોરા ભાવ પત્રક ડાઉન લોડ કરવાની છેલ્લી તારીખ તથા સમય | તા. ૦૧/૦૪/૨૦૨૩ થી ૧૫/૦૪/૨૦૨૩ ૧૮-૦૦ કલાક સુધી |
| ભરેલ ભાવ પત્રક ઓન લાઈન ભરવાની છેલ્લી તારીખ તથા સમય | તા. ૧૫/૦૪/૨૦૨૩ ૧૮-૦૦ કલાક સુધી |
| ટેન્ડર ડોકયુમેન્ટ રજી.પોસ્ટ એ.ડી.થી સબમીટ કરવાની તારીખ તથા સમય | તા.૧૭/૦૪/૨૦૨૩ ૧૮-૦૦ કલાક સુધી |
| ભરેલ ભાવ પત્રકો ઓનલાઈન ખોલવાની સંભવીત તારીખ તથા સમય | તા.૧૮/૦૪/૨૦૨૩ ૧૨-૦૦ કલાકે |

-(સહી)-
રાજેશ એમ. તન્ના I.A.S.
કમિશ્નર
મહાનગરપાલિકા, જુનાગઢ

માહિતી/જૂના/૦૨/૨૦૨૩


# જૂનાગઢ પંચહાટડી ચોકમાં આવેલ પંચમુખી હનુમાનજી મંદિરે હનુમાનજી જન્મોત્સવ યોજાશે



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા. ૩

જૂનાગઢનાં પંચહાટડી ચોકમાં આવેલ સ્વયંભુ પ્રાગટય પંચમુખી હનુમાનજી મંદિરે દર વર્ષની જેમ આ વર્ષે પણ પરંપરાગત રીતે હનુમાન જન્મોત્સવની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે.

પંચમુખી હનુમાનજીનો ઈતિહાસ સદીઓ પુરાણો ગણવામાં આવે છે. નવાબી સમય દરમ્યાન આ સ્થળે સ્મશાન હોય તેથી લોકો મસાણીયા હનુમાન તરીકે પણ ઓળખે છે. હનુમાન દાદાનાં પરચાઓ અને તાત્કાલીક મનોકામના પૂર્ણ થાય તેવી આસ્થા સાથે મંદિરે દરરોજ હજારો ભાવિકો માથુ ટેકવતા હોય છે. અને પછી જ પોતાનાં ધંધા રોજગારે જતા હોય છે. હનુમાન જયંતી નિમિત્તે સવારે ૬ કલાકે મંગળા આરતી, દાદા ચોલા શણગાર, સવારે ૧૦.૩૦ કલાકે દાદાને ફુલહાર, દાદાનો થાળ ધરવાનો કાર્યક્રમ યોજવામાં આવશે.


# જૂનાગઢ નજીક સાંકળીધાર ખાતે કાર ચેકપોસ્ટમાં ઘુસી જતાં જીઆરડીનાં જવાનનું થયેલ મોત

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૩

જૂનાગઢ નજીક હાઈવે ઉપર જેતપુર તરફથી આવતા એક કાર ચાલકે ગંભીર અકસ્માત સર્જીને નાસી ગયો હતો. ચોકી પાસે આવેલી સાંકળીધાર ચેકપોસ્ટની અંદર કાર ઘુસાડી દેતા ફરજ ઉપરનાં એક જીઆરડી જવાનનું મોત થયું હતું. જયારે બીજા જવાનને ઈજાઓ થયેલ છે.

જીઆરડીમાં ફરજ બજાવતા કાથરોટા ગામનાં જયેશભાઈ હરીભાઈ ચૌહાણ (ઉ.વ. ૩૫) અને તેની સાથે કાંતિલાલ ઉર્ફે કાનાભાઈ ડાયાભાઈ દેગડ બંને ચોકી પાસે હાઈવે ઉપર આવેલી સાંકળીધાર ચેક પોસ્ટ ઉપર ફરજ બજાવતા હતાં ત્યારે જેતપુર તરફથી આવતા વાહનોની સ્પીડ ધીમી થાય તે માટે બેરીકેટ મારવામાં આવ્યા હતાં. જેતપુર તરફથી આઈ-૨૦ કાર નં. જીજે ૧૮-બીએચ ૭નાં ચાલકે પુરઝડપે બેરીકેટ ઉડાવીનો અચાનક કાર ચેકપોસ્ટમાં ઘુસાડી દેતાં ફરજ ઉપરનાં બંને જીઆરડી જવાનને ઈજાઓ થયેલ હતી. કાર ચાલક અકસ્માત કરીને નાસી ગયોહતો. અકસ્માતમાં ઈજાગ્રસ્ત બંને જવાનોને સારવાર માટે જૂનાગઢ સીવીલ હોસ્પીટલમાં ખસેડવામાં આવેલ હતાં જયાં કાંતિલાલ દેગડનું મોત થયું હતું. અને જયેશભાઈ ચૌહાણે ઈજાઓ થયેલ હતી. નાસી જનાર કાર ચાલક સામે તાલુકા પોલીસમાં ફરીયાદ નોંધાવતા પોલીસે તેની શોધખોળ શરૂ કરી છે.



Editor, Printer, Publisher and Owner : Abhijeet K. Upadhyay, Saurashtra Bhoomi, Daily. Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, Gujarat. Printed at Somnath Printers, Jail Road, Junagadh, Gujarat India

## એપ્રિલ માસના પ્રારંભ સાથે સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમની તૈયારીઓનો ધમધમાટ

# મંત્રી ઋષિકેશ પટેલ દ્વારા પ્રેસ કોન્ફરન્સ યોજી સૌરાષ્ટ્રવાસી તમિલોને આવકારવા કરાયું આહવાન

### ૧૭ એપ્રિલ થી સોમનાથ ખાતેથી સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમનો પ્રારંભ થશે : મંત્રી ઋષિકેશ પટેલ



જૂનાગઢ, તા.૩

વિશ્વની સૌથી મોટી ગણવામાં આવતી હિજરતમાની એક એટલે આપણા સૌરાષ્ટ્રવાસીઓનું તામિલનાડુમાં હિજરત થવું. ભારત વર્ષના તમિલનાડુ રાજ્યમાં ૨૫ લાખ કરતા વધારે સૌરાષ્ટ્રવાસી સમુદાય પોતાની જૂની સૌરાષ્ટ્રવાસી તરીકેની ઓળખ તેમજ પોતાના સૌરાષ્ટ્ર વિસ્તારની પરંપરા અને વારસાને અકબંધ રાખી નિવાસ કરી રહ્યો છે. ૧૦૨૪ની સાલમાં મોહમ્મદ ગઝનીના આક્રમણ સમયે દરિયાઈ માર્ગે સોમનાથ પ્રભાસ પાટણ, વેરાવળથી અને આજુબાજુના વિસ્તારમાંથી સામુહિક સ્વરૂપે વસતા સૌરાષ્ટ્રવાસીઓ દરિયાઈ માર્ગે હિજરત કરી ખંભાત, સુરત અને ત્યારબાદ વિજયનગર સામ્રાજ્યમાં આશરો લઈ રહ્યા હતા. વિજયનગરના પતન બાદ રેશમ વણાટ કામ અને અન્ય હસ્તકલાઓમાં કૌશલ્ય ધરાવતા આ સમુદાયને મદુરાઈના રાજવંશ મહારાજાએ રાજ્યાશ્રય આપ્યો હતો. ૧૫૦૦ની સાલથી આ સમુદાય મદુરાઈ તેમજ આજુબાજુના વિસ્તારની અંદર સ્થાયી થયો છે. સૌરાષ્ટ્ર તમિલ સંગમએ ગુજરાત અને ભારતવર્ષમાં અભૂતપૂર્વ કાર્યક્રમ થવા જઈ રહ્યો છે. ત્યારે આરોગ્ય- સંસદીય બાબતોના કેબિનેટ મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલએ જણાવ્યું હતું કે, તમિલનાડુમાં વસેલા આપણા ભાઈઓ-બહેનોમા પોતાના વતન પરત ફરવાનો, પોતાના મૂળસાથે જોડાવાનો અને પોતાની મૂળ સંસ્કૃતિને ઓળખવાનો અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જ્યારે ગુજરાત સરકારના આઠ મંત્રીઓ તમિલનાડુના આઠ વિવિધ સ્થાનો પર આમંત્રણ આપવા ગયા હતા ત્યારે ત્યાં સૌરાષ્ટ્ર તમિલ સમુદાયમાં ગુજરાત આવવાનો, પોતાના મૂળ સાથે જોડાવા માટેનો અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળ્યો હતો. માત્ર મંત્રી તરીકે નહીં પણ એક ગુજરાતી તરીકે પણ ખૂબ આદર સત્કાર અને આવકારનો ભાવ મળ્યો હતો ત્યારે તમિલનાડુથી આવતા આ ભાઈઓ-બહેનોને આદરભાવથી આવકારી, સૌરાષ્ટ્રની મહેમાનગતિ-પરોણાગતિનો અનુભવ કરાવવાનો છે. હાલ સુધીમાં ૨૫,૦૦૦થી વધુ સૌરાષ્ટ્રીયન તમિલ ભાઈઓ-બહેનોએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત ૧૭ એપ્રિલથી વિવિધ કાર્યક્રમ યોજવાના છે. જેમાં આપણી સંસ્કૃતિ, આપણું ભોજનથી આપણે તેમને ફરી જોડીશુ, સાથે જ વિવિધ રમતો જે આપણા સૌરાષ્ટ્ર અને ત્યાં પણ રમાય છે તેવી વિવિધ રમતો સાથે પણ જોડવાના છીએ. આ સાથે જ રાજકોટ ખાતે બિઝનેસ, ટેક્સટાઈલ જેવા વિવિધ સેમીનારો પણ યોજવામાં આવશે. ૧૭ એપ્રિલ થી ૩૦ એપ્રિલ દરમિયાન ૧૫ દિવસના આ પ્રવાસમાં યજમાન ગુજરાત, વેબસાઈટ પર રજીસ્ટ્રેશનમાં સિલેક્ટ થયેલા મહેમાનોને સ્પેશ્યલ ટ્રેન વડે અહીં લાવશે, ત્યારબાદ સોમનાથ, પોરબંદર, દ્વારકા, રાજકોટ અને સ્ટેચ્યુ ઓફ યુનિટી (એકતા નગર), જેવા સ્થળોની મુલાકાત ઉપર લઈ જશે. કાર્યક્રમનું મુખ્ય સ્થળ સોમનાથ રહેશે જ્યાં ૧૫ દિવસ દરમ્યાન, કલા, સંસ્કૃતિ, ઉદ્યોગ-વાણિજ્ય, યુવા અને અને શિક્ષણ સંબંધીત કાર્યક્રમોના આયોજન થવા જઈ રહ્યા છે. કલા, સંસ્કૃતિ, વાણિજ્ય-ઉદ્યોગ, યુવા અને શિક્ષણ આ સંગમ ના મુખ્ય આધાર બિંદુઓં છે. જેમાં કલા અંતર્ગત ચિત્રકામ, પર્ફોર્મિંગ આર્ટ, ડ્રામા પ્રદર્શન, સાહિત્ય, બીચ/સેન્ડ આર્ટ, પરંપરાગત લોક સંગીત હસ્તકલા સંસ્કૃતિ અંતર્ગત શિલ્પ સ્થાપત્ય, ભાષાઓ, વાનગીઓ અને હેરીટેજ વાણિજ્ય-ઉદ્યોગ અંતર્ગત શોપિંગ ફેસ્ટિવલ, કાપડ અને હેન્ડલૂમ, બિઝનેસ મીટ, પ્રદર્શન,યુવા અંતર્ગત રમતગમત, સંવાદ, શિક્ષણ અંતર્ગત શૈક્ષણિક પ્રદર્શન, ગુજરાતી અને તમિલ ભાષાના વર્કશોપ જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલું છે. પંદર દિવસ ચાલનાર આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે હજારોની સંખ્યામાં રજીસ્ટ્રેશન આવી રહ્યા છે ત્યારે આ ઉત્સવની સફળતા અત્યારથી દેખાઈ રહી હોય એવું લાગી રહ્યું છે. મંત્રીએ સૌરાષ્ટ્રવાસીઓને આહવાન કરતા કહ્યું હતું કે, આ કાર્યક્રમમાં સરકાર તો કામ કરી જ રહી છે પરંતુ લોક ભાગીદારી પણ તેમાં ખૂબ આવશ્યક છે. દાદા સોમનાથની ધરતી પર સૌરાષ્ટ્રના આપણા ભાઈઓ-બહેનોને આવકારવા, રાજા દ્વારકાધીશની ધરતીનો તેમને ફરી અનુભવ કરાવવા,રંગીલા રાજકોટવાસીઓ -સૌરાષ્ટ્રવાસીઓને તમિલથી આવતા સૌરાષ્ટ્રવાસી ભાઈઓ- બહેનોને પોતિકાપણાનો અનુભવ કરાવી, તેમને પોતાના ઘરે આવ્યાનો અનુભવ કરાવવા અનુરોધ કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, પોતાની વૈદિક સંસ્કૃતિને બચાવવા દરિયાઈ માર્ગે હિજરત કરીને તમિલનાડુ ગયેલા આ સૌરાષ્ટ્રવાસીઓ ફરીથી સૌરાષ્ટ્રમાં ભગવાન સોમનાથની નિશ્રામાં એકઠા થવાના છે. ત્યારે સૌરાષ્ટ્રમાં પણ જાણે કોઈ પોતાના ગયેલા વર્ષો બાદ મળવા આવી રહ્યા હોય તેવું વાતાવરણ અનુભવાઈ રહ્યું છે. આ સમુદાયને ફરીથી વર્તમાન ગુજરાત સાથે જોડવાના પ્રયત્નો ૨૦૦૫થી કરવામાં આવી રહ્યા હતા અને ૨૦૧૦ની અંદર તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ મદુરાઈ ખાતે વિરાટ સૌરાષ્ટ્ર સંગમનું આયોજન કરેલું હતું. પણ સૌરાષ્ટ્રમાં પ્રથમ વખત આવો અભૂતપૂર્વ કાર્યક્રમ થવા જઈ રહ્યો છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની સંકલ્પના અને તેમની જન સમુદાયને પોતાના મૂળ સાથે જોડવાની પરિકલ્પના આ કાર્યક્રમથી મૂર્તિમંત થવા જઈ રહી છે. વર્ષોથી તમિલનાડુમાં વસેલા આ સૌરાષ્ટ્રવાસીઓ આજે પણ સૌરાષ્ટ્રના રિતીરિવાજ, લગ્ન પદ્ધતિ, યજ્ઞ, ભજન સંસ્કૃતિ, સાંસ્કૃતિક વારસાને જાળવીને પણ ત્યાં દૂધમાં સાકરની જેમ ભળી ગયા છે. ૧૨૦૦ વર્ષ પછી આજે આ સમુદાયએ તમિલનાડુમાં સૌરાષ્ટ્રવાસી તમિલ તરીકે પોતાની ભૂમિ, ભાષા, સંસ્કૃતિ, સાહિત્ય, વણાટ કલા સર્વેનો વારસો જાળવી તમિલનાડુમાં દરેક ક્ષેત્રે ઉત્કૃષ્ટ યોગદાન આપ્યું છે. સામાન્ય રીતે આપણા ગુજરાતી ભાઈ-બહેનો દેશભરના અનેક રાજ્યમાં તેમજ વિશ્વમાં અનેક દેશોમાં પણ છે પરંતુ સૌરાષ્ટ્રમાંથી આ તમિલ સમુદાય અને મૂળ ગુજરાતી એવા સમુદાયની ખાસિયત વચ્ચે થોડો તફાવત એ છે કે, સૌરાષ્ટ્રવાસી આ સમુદાય સામૂહિક રીતે હિજરત કરી ગયા પછી પોતાના મૂળથી સંપૂર્ણ કપાઈ ગયો હતો. આમ છતાં તેણે પોતાની તમામ પ્રકારની સૌરાષ્ટ્રવાસી તરીકેની પ્રણાલિકાઓ અખંડ રીતે જાળવી રાખી છે.

પૂર્વ કુલપતિ કમલેશભાઈ જોશીપુરાએ જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર તમિલ સંગમમાં તમિલનાડુમાં સૌરાષ્ટ્રવાસી તમિલોનું શ્રેષ્ઠ પ્રદાન છે તેમને ખાસ ગુજરાત આમંત્રિત કરવામાં આવ્યા છે.જેમાં ૨૦૦૫માં જેમણે આ કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો તેવા વિશ્વવિખ્યાત ગેસ્ટ્રોએન્ડ્રોલોજીસ્ટ શ્રી ચંદ્રશેખરજી, હ્યુસ્ટન સ્થિત રાધા પરશુરામનજી, ૭ જેટલા આઈએએસ, ૫ જેટલા હાઈકોર્ટના અધિકારીઓ અને સંસદના પી.આર.ઓ. શ્રી ગણેશ ગુજરાત આવનાર છે. આ સાથે જ તમિલનાડુના નવ સ્થાનો પર થયેલા રોડ શો અને મીટીંગ કાર્યક્રમો દરમિયાન ૧૨ ડિસ્ટ્રિક્ટ જજની કેડરના અધિકારીઓ ગુજરાત આવશે. ત્યારે સૌરાષ્ટ્રવાસી તમિલોને જાણે ગર્ભનાળ સાથે જોડવાનો અનેરો ઉત્સવ આગામી ૧૭ એપ્રિલ સોમનાથ ખાતેથી પ્રારંભ થશે.

### વેરાવળ પંથકના તેજસ્વી વિદ્યાર્થીઓને

## ઇન્ડિયન રેયોન જનસેવા ટ્રસ્ટ દ્વારા શૈક્ષણિક કીટ આપી સન્માનીત કર્યા



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૩

વેરાવળ પંથકના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરી પ્રોત્સાહિત કરવા માટે દર વર્ષે ઈન્ડિયન રેયોન જનસેવા ટ્રસ્ટ દ્વારા સરસ્વતી સન્માન સમારોહ યોજવામાં આવે છે. જે મુજબ આ વર્ષે પણ આવો ખાસ ગ્રામિણ વિદ્યાર્થીઓનો સરસ્વતી સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો જેમાં ધો.૧૦ અને ધો.૧૨ ની બોર્ડની પરીક્ષામાં જ્વલંત સફળતા મેળવનાર વેરાવળ તાલુકાના ૫૧ ગામોમાંથી ૨૧૬ વિદ્યાર્થી ભાઈ-બહેનોને જનસેવા ટ્રસ્ટના ચેરમેન શશાંક પારીક, ટ્રસ્ટી અજયકુમાર સિંહા, ફિશરીઝ કોલેજના પ્રિન્સીપાલ ડો. યુસુફઝાઈ, ઈન્ડિયન રેયોનના સચિન કાંટેવાલે, વરિંદર ગ્રોવર, મધુકર દત શર્મા, પંકજ શ્રીવાસ્તવ સહિતના હસ્તે સન્માનિત કરી લેપટોપ બેગ, સર્ટિફિકેટ ફાઈલ, પુસ્તકો, ડાયરી, પેન સહિતની શૈક્ષણિક કિટ આપવામાં આવી હતી. આ ઉપરાંત ધોરણ ૧૦ અને ધો ૧૨માં પ્રથમ દસ સ્થાન મેળવનાર વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર પણ આપવામાં આવ્યા હતા. આ સમારોહમાં શાળાના આચાર્યો, સુમંગલ મહિલા મંડળના હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ જન સેવા ટ્રસ્ટના ટ્રસ્ટી અજયકુમાર સિંહાના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હોવાનું સંસ્થાના શ્રદ્ધા મહેતાએ એક યાદીમાં જણાવેલ છે.

## વેરાવળમાં જીલ્લા બ્રહ્મ સમાજના કાર્યાલયનું ઉદ્ઘાટન કરાયું

### કાર્યાલયથી સમાજ ઉપયોગી અને સામાજિક સેવાકીય પ્રવૃત્તિને વેગ આપવાનું કાર્ય થશે




(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૩

ગીર સોમનાથ જીલ્લાના મુખ્ય મથક વેરાવળમાં જીલ્લા બ્રહ્મ સમાજના કાર્યાલયનો રામનવમી પર્વે પ્રારંભ કરવામાં આવેલ છે. આ કાર્યાલયમાં સમાજના લોકો માટે ઉપયોગી એવી સરકારની વિવિધ યોજનાઓ કાર્યાન્વિત કરી લાભ અપાવવા, યુવા માર્ગદર્શન, સમાધાન પંચ જેવા અન્ય સામાજીક કાર્યોનું આયોજન કરવામાં આવશે. વેરાવળ શહેરમાં ટાવર ચોક ખાતે રામનવમી પર્વે ગીર સોમનાથ જિલ્લાના બ્રહ્મસમાજના કાર્યાલયનું ઉદધાટન જ્ઞાતિના વડીલો કનુભાઈ જોષી, નવનીતભાઈ ઉપાધ્યાયના હસ્તે કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં બ્રહ્મ સમાજના જિલ્લા પ્રમુખ તુષારભાઈ પંડયા, નરેન્દ્રભાઈ પંડયા (પ્રધાનાચાર્ય, સંસ્કૃત યુનિ.), પંકજભાઈ રાવલ (પ્રાધ્યાપક, સંસ્કૃત યુનિ.), મિલનભાઈ જોષી, રાજુભાઈ જોષી, રમેશભાઈ રાવલ, પ્રકાશભાઈ ઉપાધ્યાય, જીતુભાઈ મહેતા, અનિલભાઈ જોષી, પુનિતભાઈ મહેતા સહિત મોટી સંખ્યામાં ભુદેવોની વિષેશ ઉપસ્થિતીમાં જિલ્લાનું કાર્યાલય ખૂલ્લુ મુકવામાં આવેલ હતું. વેરાવળમાં જીલ્લા કક્ષાના કાર્યાલય બાબતે સમાજના અગ્રણી એવા એડવોકેટ રીતેશભાઈ પંડયાએ જણાવેલ કે, લગભગ આશરે ૫૦ (પચાસેક) વર્ષ દરમ્યાન બ્રાહ્મણો માટે સામાજીક કામગીરી માટે એક પણ સ્થળ ન હતું જેથી સમાજમાં લોકોને એકત્રીત કરવા, સંગઠાત્મક કામગીરી માટે એક સ્થળે બેસી કાર્યક્રમોની રૂપરેખા તૈયાર કરી શકાય તે માટે જિલ્લાનું કાર્યાલય બનાવવામાં આવેલ છે. આ કાર્યલાયેથી ભુદેવોને સરકારી યોજનાના લાભો અપાવવા, જરૂરીયાત મંદ સમાજના લોકોને મદદરૂપ થવા, સમાજને સંગઠીત બનાવવાને લઈ સામાજીક કાર્યો કરવાનો હેતુ છે.

## ઈન્દોર અને વલ્લભીપુર ખાતે થયેલા અકસ્માતમાં માર્યા ગયેલા લોકોને મોરારિબાપુ તરફથી સહાય



વલ્લભીપુર, તા.૩ : રામનવમી નિમિત્તે મધ્યપ્રદેશના ઈન્દોર ખાતે અનેક શ્રદ્ધાળુઓ દ્વારા એક મંદિરમાં હવન થઈ રહ્યો હતો અને તે દરમ્યાન છત તૂટી પડતા અનેક લોકો વાવના પાણીમાં ગરકાવ થયા હતા. આ દુર્ઘટનામાં અત્યાર સુધી પ્રાપ્ત અહેવાલો અનુસાર ૩૬ લોકોએ પોતાના પ્રાણ ગુમાવ્યા છે અને અનેક લોકોને ઈજાઓ પણ થવા પામી છે. પૂજ્ય મોરારીબાપુ દ્વારા આ ૩૬ મૃતકોના પરિજનોને પ્રત્યેકને રૂપિયા ૧૧૦૦૦ ની સાંત્વના રાશિ અર્પણ કરવામાં આવી છે. કુલ રૂપિયા ૩,૯૬,૦૦૦ની આ સહાયતા રાશિ રામકથાના મધ્યપ્રદેશ સ્થિત શ્રોતા દ્વારા પહોંચતી કરવામાં આવી રહી છે. આ જ રીતે બે દિવસ પહેલા ભાવનગર જિલ્લાના વલભીપુર નજીકમેવાસા ગામ પાસે એક ટેમ્પો ઊંધો પડતા મૂળ ભડભીડ ગામના છ લોકોના કરૂણ મૃત્યુ થયા હતા. આ મૃતકોને શ્રદ્ધાંજલિ આપી પૂજ્ય મોરારીબાપુ એ તેના પરિજનોને પ્રત્યેકને રૂપિયા ૧૧,૦૦૦ લેખે ૬૬૦૦૦ ની સહાયતા રાશિ પ્રેષિત કરેલ છે. આમ આ બંને અકસ્માતમાં માર્યા ગયેલા લોકોને ચાર લાખ બાસંઠ હજારની સહાયતા રાશિ મોકલવામાં આવી છે. પૂજા બાપુએ તમામ મૃતકોના નિર્માણ માટે શ્રી હનુમાનજીના ચરણોમાં પ્રાર્થના કરી તેમના પરિજનો તરફ દિલસોજી વ્યક્ત કરેલ છે.


## ગાંધીનગર ખાતે લેખક-પત્રકાર નટુભાઈ પરમારના પુસ્તક 'અનુવચન'નો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો

### સર્જકો ભાગ્યેશ જહા, પ્રવીણ ગઢવી, પુલક ત્રિવેદી, કલ્પેશ પટેલ, રમણ વાઘેલાની પ્રેરક ઉપસ્થિતિ

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૩

રાધે બેક્વેટ હોલ, સેક્ટર-૨૧,ગાંધીનગર ખાતે મોટી સંખ્યાના સાહિત્યભાવકો-ચાહકોની સાક્ષીએ ગાંધીનગરમાં વસતા લેખક-પત્રકાર નટુભાઈ પરમારના ૧૦માં પુસ્તક 'અનુવચન'નો લોકાર્પણ સમારોહ, ભાગ્યેશ જહા (અધ્યક્ષ-ગુજરાત સાહિત્ય અકાદમી), પ્રવીણ ગઢવી (અધ્યક્ષ-ગુજરાત દલિત સાહિત્ય અકાદમી), પુલક ત્રિવેદી(લેખક-ચિંતક), રમણ વાઘેલા(કવિ-સાહિત્યકાર) અને કલ્પેશ પટેલ (સાહિત્યકાર)ની પ્રેરકઉપસ્થિતિમાં, યોજાઈગયો હતો. અનુવચનો લોકાર્પણ સમારોહના અધ્યક્ષસ્થાનેથી બોલતા ભાગ્યેશ જહાએ 'અનુવચન'ના લેખક નટુભાઈ પરમારની સાડાત્રણ દાયકાની સર્જનયાત્રામાં સંવેદના અને સંદર્ભોનો સંયુક્ત સમન્વય જોવા મળે છે. 'અનુવચન'ના ચૌદ પ્રકરણોમાં સામાજિક ચેતનાનો ધબકાર છે. ભાગ્યેશભાઈએ માહિતીખાતાના એક સમયના સંયુક્ત નિયામક નટુભાઈમાં સર્જક અને અધિકારીનો સમન્વય થયો હોવાનો મત વ્યક્ત કર્યો હતો. અતિથિવિશેષ પ્રવીણ ગઢવીએ પ્રવાસ, વાંચન અને લેખનમાં બેહદ રૂચિ ધરાવતા નટુભાઈની દલિત સાહિત્ય અને દલિત સમાજ પ્રત્યેની નિષ્ઠા તેમના લખાણોમાં બુલંદ સ્વરે વ્યક્ત થાય છે તેમ જણાવી નટુભાઈની સામાજિક નિસબત અને પ્રતિબધ્ધતાને બિરદાવી હતી અને તેમને જાગૃત લેખક-પત્રકાર કહ્યા હતા. અતિથિવિશેષ પુલક ત્રિવેદીએ નટુભાઈને 'વાંચનવીર' કહી, બહુ બધુ વાંચતા અને પછી કલમ ઉપાડતા અભ્યાસુ લેખક તરીકે ઓળખાવી, માહિતીખાતામાં તેમના સેવાકાળ દરમ્યાન અને નિવૃત્તિ બાદ પણ સતત અને સાતત્યપૂર્ણ લેખન કરતા નટુભાઈ સાથેની ત્રણ દાયકા જૂની મૈત્રીસફરને સંભારી હતી. અતિથિવિશેષ રમણ વાઘેલાએ 'અનુવચન' અને તેમાં સમાવિષ્ટ ચૌદ અભ્યાસલેખો ઉપર વિગતવાર અને એટલી જ અભ્યાસપૂર્ણ મીમાંસા રજુ કરી હતી અને એક એક લેખ પર વિસ્તૃત વાત કરી હતી. પ્રતિભાવ આપતાં 'અનુવચન'ના લેખક નટુભાઈ પરમારે 'અનુવચન' જે પાછલા વર્ષોમાં 'ગુજરાત' દીપોત્સવી વિશેષાંકમાં પ્રકાશિત થયેલા તેમના અભ્યાસલેખોનો સંગ્રહ છે, તેને આમ પુસ્તક રૂપે આકાર આપવામાં પ્રેરક બનેલા 'ગુજરાત' દીપોત્સવીના કાર્યવાહક સંપાદક પુલક ત્રિવેદી અને તેના પ્રકાશનમાં આર્થિક સહયોગ આપી પ્રોત્સાહક બનેલ ગુજરાત સાહિત્ય અકાદમી અને એના અધ્યક્ષ પ્રતિ ઋણસ્વીકારનો ભાવ વ્યક્ત કર્યો હતો. પ્રારંભે સૌ મહેમાનોએ ડો. બાબાસાહેબ આંબેડકરની તસવીરને પુષ્પાર્પણ કરી, 'અનુવચન'નું લોકાર્પણ કર્યું હતું. આ લોકાર્પણ સમારોહમાં ડો.કેશુભાઈ દેસાઈ, કનૈયાલાલ ભટ્ટ, રાઘવજી માધડ, હરીશ મંગલમ્ , દલપત ચૌહાણ, મોહન પરમાર, સાહિલ પરમાર, કિશોર જિકાદરા, પ્રતાપસિંહ ડાભી, સંજય થોરાત, ઉત્સવ પરમાર, ભીખુ કવિ, જયંત પરમાર, વિજય રંચન, એમ.બી.પરમાર, પ્રકાશ લાલા, હર્ષદ ઠાકર, પ્રદીપ મહેતા, ચંદ્રવદન અને અન્નપૂર્ણા મેકવાન, ડો.રાજેશ મકવાણા, ડો. હર્ષદ પરમાર, ડો. મહેશ મકવાણા, ડો. સ્વપ્રિલ મહેતા, કિર્તી પરમાર, દિનેશ ચૌહાણ, બાબુભાઈ પ્રજાપતિ, અંકુર શાહ, પ્રવીણ શ્રીમાળી, એમ.આર.



રેવર, વસંત જાદવ, ધીરૂ કોટવાલ, ગીરીશ મારૂ, અરવિંદ વેગડા, જયેશ દવે, રણછોડભાઈ નાયક, મનીષા પરમાર, અંકુર શ્રીમાળી, નરેશ ચૌધરી, ભાનુભાઈ દવે, જનક મહેતા, અણદાભાઈ ચાવડા, પ્રવીણ પટેલ, પરિમલ પટેલ, હરેશ મકવાણા, રમેશ કાપડિયા, ઈશ્વરભાઈ પરમાર, મૂળજીભાઈ ખુમાણ સહિત સાહિત્યના -દલિત સાહિત્યના ભાવકો, માહિતીખાતાના સાથીઓ અને ગાંધીનગર સાહિત્ય સભાના મિત્રો ,શુભેચ્છકો સૌ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોનું સ્વાગત રસીલાબેન પરમારે અને નટુભાઈની દોહિત્રી અક્ષરા વાણીયાએ કર્યું હતું. સમગ્ર લોકાર્પણ સમારોહનું સુંદર સંચાલન જાણીતા સાહિત્યકાર કલ્પેશ પટેલે કર્યું હતું. ઉલ્લેખનીય છે કે 'અનુવચન' એ નટુભાઈ પરમારનું દસમું પુસ્તક છે અને તેમાં તેમના દલિત સાહિત્ય અને દલિત વિષય આધારિત અભ્યાસલેખો સંકલિત રૂપે પ્રકાશિત થયા છે. નટુભાઈ પરમારના આ અભ્યાસલેખો તમામ, રાજ્યના માહિતીખાતા પ્રકાશિત 'ગુજરાત' દીપોત્સવી વિશેષાંકમાં પાછલા પંદર વર્ષ દરમ્યાન છપાયા હતા.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# નોકરી કૌભાંડ અંગે તપાસનીશ એજન્સીઓનો મજબૂત બનતો ગાળીયો

પ્રવર્તન નિર્દેશાલય એટલે કે ઈડીનો એ દાવો ચકિત કરનારો છે કે તેને જમીનને બદલે નોકરી કૌભાંડમાં ૬૦૦ કરોડ રૂપિયાના મની લોન્ડરિંગના પુરાવા મળ્યા છે. તેનો મતલબ છે કે આ કૌભાંડ અનુમાન કરતાં ક્યાંય વધારે મોટું છે. ઈડીનું માનીએ તો આ કૌભાંડને અંજામ આપનારાઓએ ૩૫૦ કરોડ રૂપિયાની અચલ સંપત્તિઓ સાથે જ ૨૫૦ કરોડ રૂપિયા બેનામી રીતે હાંસલ કર્યા છે. એ પણ ઉલ્લેખનીય છે કે ઈડીએ આ કૌભાંડની તપાસના તબક્કામાં લાલુ યાદવના સંબંધીઓ સહિત અન્ય લોકોના ૩૪ ઠેકાણાં પર છાપામારી કર્યા બાદ એ દાવો કર્યો છે કે તેને એક કરોડ રૂપિયા રોકડા અને ૧.૨૫૪ કરોડ રૂપિયાનાં સુવર્ણ આભૂષણો મળ્યાં છે. આ કૌભાંડ ત્યારે થયું હતું, જ્યારે લાલુ યાદવ યુપીએ સરકારમાં રેલવે મંત્રી હતા.

આ કૌભાંડની તપાસ ઈડીની સાથે જ સીબીઆઈ પણ કરી રહી છે. સીબીઆઈએ હાલમાં રાબડી દેવી અને લાલુ યાદવની પૂછપરછ પણ કરી છે. સીબીઆઈએ ગયા વર્ષે ઓક્ટોબરમાં આ કેસમાં જે ચાર્જશીટ દાખલ કરી હતી, તેમાં લાલુ યાદવ, તેમની પત્ની રાબડી દેવી અને મધ્ય રેલવેના તત્કાલીન જીએમ સહિત લગભગ ૧૬ લોકોને આરોપી બનાવ્યા હતા. એ સમયે સીબીઆઈએ એ દાવો કર્યો હતો કે આ કૌભાંડના આરોપીઓએ મધ્ય રેલવેના તત્કાલીન મહાપ્રબંધક અને કેન્દ્રીય રેલવેના સીપીઓની સાથે ષડયંત્ર રચીને જમીનને બદલે લોકોને નોકરી આપી હતી અને આ જમીન પ્રચલિત સર્કલ રેટ અને બજાર દર કરતાં ઘણી ઓછી કિંમતે મેળવી લેવામાં આવી હતી.

ઈડી અને સીબીઆઈના દાવાનું પોતાનું મહત્ત્વ છે, પરંતુ વાત ત્યારે બનશે જ્યારે આ દાવાને અદાલતો સમક્ષ સાચા સાબિત કરવામાં સફળતા મળશે. આ કામ જેટલી જલ્દી સંભવ થઈ શકે, એટલું જલ્દી કરવું જોઈએ, કારણ કે અદાલતી નિર્ણય આવવામાં વિલંબનો ફાયદો આરોપીઓ ઉઠાવે છે. જો આરોપી નેતા હોય છે, જેમ કે આ મામલે છે, તો પછી તો એમ પ્રચારિત કરતા રહે છે કે તેમના વિરૂધ્ધ બદલાની ભાવના અંતર્ગત કાર્યવાહી કરાઈ રહી છે. તેઓ પોતાને નિર્દોષ ગણાવીને જનતાની સહાનુભૂતિ લેવા માટેની કોશિશ કરતા રહે છે. હાલમાં આવી કોશિશ દરેક એ નેતા કરી રહ્યા છે, જે કૌભાંડોના આરોપોનો સામનો કરી રહ્યા છે. તેમાં એવા નેતા પણ છે, જેમના ઠેકાણાં પરથી રોકડ રકમ અથવા અખૂટ સંપદાના દસ્તાવેજ મળ્યા છે. એ જોવું કેન્દ્રીય તપાસ એજન્સીઓની જવાબદારી છે કે કૌભાંડોથી ઘેરાયેલા નેતા એવો પ્રચાર કરીને જનતાની હમદર્દી ન મેળવી શકે કે તેમને રાજકીય કારણોસર પજવવામાં આવી રહ્યા છે. આ જવાબદારીની પૂર્તિ ત્યારે થશે જ્યારે કેન્દ્રીય તપાસ એજન્સીઓ પોતાનું કામ ઝડપથી કરશે. તેમને અદાલતોનો પણ સહયોગ મળવો જોઈએ, કારણ કે કેટલીય વાર તપાસ એજન્સીઓ પોતાનું કામ પૂરું કરી લે છે, પરંતુ અદાલતોમાં તારીખ પર તારીખનો સિલસિલો યથાવત રહે છે. તેનો અયોગ્ય લાભ કૌભાંડમાં ફસાયેલા નેતાઓ ઉઠાવે છે.

## ઉનામાં પથ્થરમારા-અથડામણનાં બનાવમાં રાયોટીંગ સહિતની કલમો અંતર્ગત ગુનો દાખલ : તપાસનો ધમધમાટ



(પ્રતિનિધિ દ્વારા) ઉના તા.૩

ગીર સોમનાથના ઉનામાં રામનવમી ઉપર પ્રખર વકતા કાજલ હિન્દૂસ્તાનીના ભાષણ બાદ પ્રવર્તેલ પરિસ્થિતિ વચ્ચે બંને જૂથે પોલીસની હાજરીમાં સમાધાન કર્યાના ગણતરીના કલાકો બાદ શનિવારે મોડી સાંજે શહેરમાં બે સ્થળોએ ટોળાએ કરેલ પથ્થરમારાના પગલે તંગદીલી પ્રસરી હતી. જો કે, રાત્રીના જ જૂનાગઢથી રેંજ આઈજી સહિત પોલીસના ઉચ્ચ અધિકારીઓએ ઉના દોડી આવી કોમ્બીગ હાથ ધરીને ૬૦ જેટલા તોફાની તત્વોને રાઉન્ડઅપ કરી પરિસ્થિતિ કાબુમાં લઈ લીધી હતી. અને પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. બાદમાં મોડી રાત્રીના જ ઉનાના અસરગ્રસ્ત અને સંવેદનશીલ વિસ્તારોમાં મોટા પોલીસ કાફલાએ કોમ્બિંગ હાથ ધરીને ૬૦થી વધુ તોફાની તત્વોને ઝડપી પાડયા હતા. આ કાર્યવાહીમાં પોલીસને મોટી માત્રામાં પથ્થરો, તલવાર, લોખંડના પાઈપો, સોડા બોટલો, લાકડીઓ સહિત જીવલેણ હથીયારો પણ મળી આવ્યા છે. આ સમગ્ર ઘટનાક્રમ અંગે ઉના પોલીસમાં ભડકાઉ ભાષણ કરવા બદલ કાજલ હિન્દુસ્તાની વિરૂદ્ધ આઈ.પી.સી.ની કલમ ૧૫૩(એ) અને ૨૯૫ (એ) હેઠળ ગુનો નોંધી કાર્યવાહી શરૂ કરી છે. જયારે પથ્થરમારા અને અથડામણની ઘટના અંગે ૭૬ લોકોના નામજોગ સહિત ૨૦૦ લોકોના ટોળા સામે રાયોટિંગ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

બીજી તરફ સમસ્ત હિન્દૂ સમાજના નામથી ચાર શખ્સોએ પોલીસને અરજી આપી કથિત રીતે મુસ્લિમોના ટોળા એકત્રિત થવા અને નારાબાજી કરવા મામલે પણ ગુનો નોંધવા માંગણી કરી છે. હાલ ઉના શહેરમાં પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે આંશિક દુકાનો ખુલ્લી હતી. સોમવારથી બજારો પૂર્વવત થઈ જશે તેવી આશા લોકો સેવી રહ્યા છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

જે જેવી ભાવના રાખશે તેવો જ તે થશે.

- સ્વામી રામતીર્થ

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.આવા-૧૩૯૨, મુ. રમજાન-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, ચૈત્ર સુદ-૧૩ અનંગ ત્રયોદશી, સોમ પ્રદોષ, તેરસની વૃધ્ધિ તિથિ છે તા.૩ એપ્રિલ ૨૦૨૩, સોમવાર, પારસી તા.૨૧, મુસ્લિમ તા.૧૧, મઘા નક્ષત્ર, ગંડ યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૬:૪૩, સૂ.અ.૭:૦૬

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

# યુવાશક્તિને યોગ્ય દિશા મળવાથી ગુજરાતના વિકાસને નવતર ઊંચાઈ મળી છે

## શિક્ષિત અને દિક્ષિત બની ગુજરાતનો યુવાન આજે સમગ્ર વિશ્વમાં ડંકો વગાડે છે

આજના સમયે શિક્ષણ મૂળભૂત જરૂરિયાત છે ત્યારે ગુજરાતમાં બાળકોને બાળમંદિરથી લઈને ઉચ્ચ શિક્ષણ સુધી શિક્ષાની દીક્ષા આપવા માટે રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં રાજય સરકારે શિક્ષણનું સુદ્રઢ માળખું વધુ સારી રીતે વિકસિત કરીને નવા આયામો સાથે લાખો બાળકોને તેમના સર્વાંગી વિકાસ માટે શિક્ષિત કરી રહી છે. આજે દેશની કુલ વસતીના ૬૫ ટકા નાગરિકો ૩૫ વર્ષની ઉંમરના યુવાનો છે. યુવાનો એટલે મનથી મજબૂત અને શરીરથી સશક્ત. આજે ભારત પાસે દુનિયાના સૌથી યુવા અને કૌશલ્યવાન કામદારોની ફોજ ઉપલબ્ધ છે. છેલ્લા ૧૦૦ દિવસોમાં રાજ્યનો દરેક યુવા વિકાસની વિકાસની મુખ્યધારામાં ભળે એ હેતુથી ટેકનોલોજીના સમન્વયથી રાજયસરકારે શહેરથી લઈને ગ્રામીણ વિસ્તારોમાં સ્માર્ટ એજ્યુકેશન ઉપર ભાર મૂકયો છે. ક્વોલીફાઈડ શિક્ષકો સાથે ગુણવત્તાસભર શિક્ષણ વ્યવસ્થાના કારણે વાલીઓને સરકારી શાળાઓ-કોલેજો ઉપર ભરોસો બેઠો છે. ગુજરાતના યુવાનોને વિશ્વકક્ષાનું શિક્ષણ ઘર આંગણે મળી રહે તે માટે ઓસ્ટ્રેલિયાની ડીકન યુનિવર્સિટીના સર્વ પ્રથમ ઈન્ટરનેશનલ બ્રાન્ચ કેમ્પસ ગીફ્ટ સિટીમાં સ્થપાશે. રાજ્યના યુવાઓ ઉચ્ચ શિક્ષણમાં આગળ વધી શકે તે માટે ૩૩,૬૫૯ યુવાનોને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ ઉચ્ચ શિક્ષણ માટે સહાયપ્રદાન કરવામાં આવી છે. ધોરણ ૧ થી ૮માં રાજ્ય સરકાર દ્વારા ખાનગી શાળામાં પ્રવેશ આપવામાં આવેલ અને ધોરણ-૮નો અભ્યાસ પૂર્ણ કરી ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ માટે ૨૫,૦૦૦ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને સ્કૂલ વાઉચર આપવા માટેની યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. મિશન સ્કૂલ્સ ઓફ એકસેલન્સ હેઠળ ૭,૪૧૫ થી વધુ વર્ગખંડોના બાંધકામની કામગીરી શરૂ અને ૨૧,૮૫૨ થી વધુ સ્માર્ટ ક્લાસરૂમના ઈન્સ્ટોલેશનની સુદ્રઢ કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. મૃદુ અને મક્કમ મુખ્યામંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારે લોકહિતાર્થે ઘણાં અઘરાં નિર્ણયો પણ લીધા છે, નેવાના પાણી મોભે ચઢાવ્યાં છે, જી-૨૦ સમિટ થકી ફક્ત દેશમાંજ નહીં, પણ વિદેશમાં પણ ગુજરાતની છબી ઊજાગર કરી છે. માતૃભાષાને પ્રોત્સાહન અને રક્ષણ આપવા રાજ્યની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં હવેથી ધોરણ ૧ થી ૮ સુધી ગુજરાતી ભાષાના ફરજિયાત શિક્ષણનું નક્કર અમલીકરણ: 'ગુજરાત ફરજિયાત ગુજરાતી ભાષાના શિક્ષણ અને અભ્યાસ બાબત વિધેયક, ૨૦૨૩' વિધાનસભા ગૃહમાં સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસમાં પરંગતતા કેળવે એ હેતુથી રાજયના ૨,૬૫,૯૮૪ વિદ્યાર્થીઓને પ્રાથમિક અને માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષા માટે વિનામૂલ્યે કોચિંગ આપવામાં આવ્યું છે. રાજ્યના ૨,૦૪,૧૭૭ વિદ્યાર્થીઓને NMMS પરીક્ષાની વિનામૂલ્યે તાલીમ આપવામાં આવી. ધોરણ ૯ થી કોલેજ સુધીનો અભ્યાસ કરતાં રાજ્યના ૬,૮૪૫ વિદ્યાર્થીઓને રૂા.૧૨ હજાર સબસિડીના લાભ સાથે બેટરી સંચાલિત દ્વીચક્રીય વાહન માટે સહાય આપવામાં આવી છે. રાજ્યનાં નાનામાં નાના ગામ અને કસ્બા સુધી શિક્ષણ પહોંચે તે માટે જૂન-૨૦૨૩થી શરૂ થતા નવા સત્ર અન્વયે પ્રાથમિક શાળામાં વર્ગ વધારાની મંજૂરી માટે સમયગાળો લંબાવવામાં આવ્યો છે. '૨૧ ફેબ્રુઆરી - વિશ્વ માતૃભાષા દિવસ'ની રાજ્યકક્ષાની ઊજવણી ''મારી ભાષા મારૂ ગૌરવ'' વિષય પર બાળકો અને શિક્ષકો દ્વારા રાજયભરમાં ૧૦૦ જેટલાં સ્થળોએ નિદર્શન યોજવામાં આવ્યા હતાં. શાળામાં ભણતા બાળકોની બેગનું વજન હળવું કરી, ભાર વગરના ભણતરના ધ્યેયને સાકાર કરવા ધોરણ ૬ થી ૮માં અભ્યાસ કરતા પ્રિ-વોકેશનલ વિદ્યાર્થીઓ માટે ૧૦ 'બેગલેસ ડે.' તરીકે ઉજવવામાં આવ્યા. આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ૭૭૫ જેટલી વિવિધ સમસ્યાઓના ઉકેલ માટે તા.૧૦-૧૧ ફેબ્રુઆરી-૨૦૨૩ના રોજ રાજ્યના ૧૦ કેન્દ્રો ઉપર હેકાથોન-૨૦૨૨નો ફાઈનલ રાઉન્ડ યોજાયો. જેમાં અંદાજીત ૨,૪૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની મક્કમ સરકારે શિક્ષણ ક્ષેત્રે અનેક નવતર કેડીઓ કંડારી છે. ગુજરાત યુનિવર્સિટી ખાતે ક્લાયમેટ ચેન્જ વિભાગની શરૂ કરવામાં આવ્યો છે. ૧૧૦ જેટલી સરકારી કોલેજોમાં લાઈબ્રેરી માટે રૂા.૫૦ લાખના પુસ્તકો વસાવવામાં આવ્યા છે જ્યારે ૩૨ જેટલી સરકારી કોલેજોમાં વિજ્ઞાન લેબોરેટરીને રૂા.૨ કરોડની સાધન સામગ્રીથી સુસજ્જ કરવામાં આવી છે. આ ઉપરાંત મોરબી, જામખંભાળીયા, વેરાવળ, બોટાદમાં જિલ્લા ગ્રંથાલય સેવાઓનો આરંભ કરવામાં આવ્યો અને ગુજરાતના અનસંગ હિરોઝના જીવનકવન ઉપર આધારિત ગુજરાત ગૌરવગાથા શ્રેણી અંતર્ગત ૨૫ પુસ્તકો પ્રસિદ્ધ કરાયાં છે. ખ્યાતનામ આંતરરાષ્ટ્રીય સંસ્થા ઓર્ગેનાઈઝેશન ફોર ઈકોનોમિક કો-ઓપરેશન એન્ડ ડેવલપમેન્ટ(OECD) સાથે એગ્રિમેન્ટ કરનારૂ ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. રાજ્યના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને ધોરણ ૬ થી ૧૨ સુધીનું શ્રેષ્ઠ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ વિનામૂલ્યે મળે એ માટે સામાજિક ભાગીદારી સાથે ઉચ્ચસ્તરીય શૈક્ષણિક સુવિધા ધરાવતી ૪૦૦ 'જ્ઞાનસેતુ ડેસ્કૂલ' કાર્યરત કરવામાં આવી છે. ગુજરાત સરકારે મુખ્યમંત્રી યુવા સ્વાલંબન યોજના, મુખ્યમંત્રી એપ્રેન્ટિસિપ યોજના અને શક્તિદૂત યોજના અન્વયે યુવાઓના સર્વાંગી વિકાસ માટેના અભિનવ પ્રયાસો કર્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે યુવાઓના સર્વાંગી વિકાસ માટે વિવિધ યોજનાઓ અને કાર્યક્રમો ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યુંછે. આગામી વર્ષોમાં ગુજરાત કે ભારતના વધુને વધુ ખેલાડી ઓલમ્પિકમાટે ક્વોલિફાય થાય અને વર્ષ ૨૦૩૬માં ઓલમ્પિક રમતોત્સવનો સફળ આયોજન થાય તે માટે ગુજરાતે તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે. સરકારી ભરતી મિશન મોડ ઉપર છે. રાજ્યના યુવાધનને રોજગારી મળી રહે તે માટે ૧૦,૩૩૮ જેટલી લોકરક્ષક સંવર્ગની ભરતી, ૩૨૫ બિનહથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર સંવર્ગની ભરતી અને ૧,૨૮૭ પોલીસ સબ ઈન્સ્પેક્ટર સંવર્ગની ભરતી પૂર્ણ કરી. વધુ યુવાનોને રોજગારી મળે તે માટે આ વર્ષે નવી ૮,૦૦૦ ભરતીનું આયોજન કરાયું છે. રાજ્યના કૌશલ્યવાન યુવાઓને રોજગાર મળી રહે તે માટે રાજ્યમાં ૪૬૨ જેટલા ભરતી મેળાઓનું આયોજન કરાયું, સાથોસાથ રાજ્યમાં એક જ દિવસમાં ૨૫૦૦થી વધુ કર્મયોગીઓને નિમણૂકપત્રો આપીને સરકારી સેવામાં જોડવામાં આવ્યા. બિન સચિવાલય ક્લાર્ક-ઓફિસ આસિસ્ટન્ટ સંવર્ગમાં ૨૩૦૬, ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨માં ૧૩૩ અને ખેતીવાડી અધિકારી વર્ગ-૨ સંવર્ગમાં ૯૨નું નવું માનવબળ રાજ્ય વહીવટી તંત્રને પ્રાપ્ત થયું. સરકારી નોકરીમાં પારદર્શિતાથી ભરતી થાય, મહેનતુ વિદ્યાર્થીઓની મહેનત એળે ન જાય એ માટે સરકારે ઠોસ કદમ ઉઠાવ્યું છે. વિધાનસભામાં ગુજરાત જાહેર પરીક્ષા (ગેરરીતિ અટકાવવા બાબત) વિધેયક-૨૦૨૩ પસાર કરાયું જેમાં પેપર લીક ગુનામાં ૧૦ વર્ષ સુધીની સજા અને રૂા.૧ કરોડ સુધીના દંડનો મહત્ત્વપૂર્ણ નિર્ણય કરાયો છે. રાજયના યુવાનો ઉચ્ચ શિક્ષણ મેળવી આગળ વધી શકે એ માટે ૩૩,૬૫૯ વિદ્યાર્થીઓને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત ઉચ્ચ શિક્ષણ માટે રૂા.૧૫૯.૦૭ કરોડની આર્થિક સહાય આપવામાં આવી છે. આ ઉપરાંત ૧,૯૩૦ વિદ્યાર્થીઓને શોધ યોજના અંતર્ગત રૂા.૭.૮૯ કરોડની આર્થિક સહાય આપવામાં આવી છે. રાજ્ય સરકારમાં ઉચ્ચ અધિકારી બનવાના સપનાં સેવતા આશાવંત વિદ્યાર્થીઓ માટે GPSC વર્ગ-૧ અને ૨ની પરીક્ષાની તૈયારીના ભાગરૂપે ૨,૫૦૦ યુવાનોને કોચિંગ આપવામાં આવ્યું હતું. નવા આઈડિયા અને ઉત્સાહથી ભરપૂર યુવાનો માટે સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ ઈનોવેશન પોલિસી ૨.૦ અંતર્ગત રાજયની ૧૧૬ શૈક્ષણિક સંસ્થાઓને કુલ રૂ.૧૦.૨૨ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. ''સ્ટાર્ટઅપ સૃજન સીડ સપોર્ટ'' અને ''ઓપન ઈનોવેશન ચેલેન્જ'' અંતર્ગત ૧૫૦ ઈનોવેશનને રૂા.૫.૧૦ કરોડ સહાયની રકમ મંજૂર કરવામાં આવી છે. આ ઉપરાંત સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઈનોવેશન પોલિસી-૨.૦ અંતર્ગત ૭૭ શૈક્ષણિક સંસ્થાઓને સહાય આપી પ્રોત્સાહિત કરાઈ છે. આંતરરાષ્ટ્રીય કક્ષાનો ઉચ્ચ અભ્યાસ, રોજગારી, સ્કીલ ડેવલપમેન્ટ અને કારકિર્દી ઘડતરની અનન્ય તકોના કારણે આજે ગુજરાતનો યુવાન ઉજ્જ્વળ ભવિષ્યના નિર્માણની દિશામાં ઉન્નત મસ્તકે આગળ વધી રહ્યો છે.

-દેવાંગ મેવાડા

# • રમઝાન મુબારક •




## સ્વચ્છતા અને ઈસ્લામ-૨

વુઝૂ સ્વચ્છતા અને પાકી હાંસલ કરવાનું એક કર્મ છે. પરંતુ એની પ્રશંસા હદીસમાં એ પ્રમાણે કરવામાં આવી છે કે એ શારીરિક તેમજ આત્માની સ્વચ્છતાઓનું સંગમ બની ગઈ છે. હદીસમાં છે: ''જ્યારે મુસ્લિમ બંદો વુઝૂ કરે છે અને પોતાનો ચહેરો ધૂવે છે તો તેની આંખોએ જે ખરાબ વસ્તુઓ નિહાળી હતી, તેમનું પાપ પાણી સાથે અથવા પાણીનાં છેલ્લા ટીપાં સાથે વહી જાય છે. જ્યારે પોતાના હાથ ધૂવે છે તો એમના દ્વારા જે ખરાબ વસ્તુઓ પકડી હતી, તેમનો ગુનો પાણી સાથે અથવા પાણીના છેલ્લાં ટીપા સાથે વહી જાય છે. જ્યારે પોતાના પગ ધૂવે છે તો જે ખરાબ કામો માટે એમણે હરકત કરી હતી, તેમનું પાપ પાણી સાથે અથવા પાણીના છેલ્લા ટીપાં સાથે વહી જાય છે. એટલે સુધી કે એ પાપોથી પાક-સાફ થઈને બહાર આવે છે.'' (મુસ્લિમ)

વુઝૂ જે રીતે શારીરિક પવિત્રતા છે એ જ રીતે આત્માની પવિત્રતા પણ છે. આ એક સાચી બીના છે કે શરીર, માણસની દાનત, નિશ્ચય અને તેની હૃદયની પરિસ્થિતિનું પ્રતિબિંબ છે. જો એનાં હૃદયમાં અને દૃષ્ટિમાં સ્વચ્છતા હશે તો શરીર ઉપર પણ એની ઝલક જોવા મળશે અને શરીર પણ પાક-સાફ રહેશે. અને જો હૃદય અને દૃષ્ટિ પવિત્ર નથી તો એની અભિવ્યક્તિ શરીર ઉપર પણ જાહેર થશે.

**રોઝા : ૧૧ સોમવાર**

''વુઝૂ એક એવુ કર્મ છે જે દરરોજ ઓછામાં ઓછું પાંચ વખત કરવામાં આવે છે અને પાણી વડે સ્વચ્છતા પ્રાપ્ત કરવામાં આવે છે. આ સ્વચ્છતાની આખિરતમાં પણ એટલી અસર થશે કે મુસ્લિમ બંદો જ્યારે ઉઠાડવામાં આવશે ત્યારે એનો ચહેરો અને હાથ-પગ ચમકતા રહેશે અને તેઓમાં ચળકાટ વુઝૂથી આવશે.'' (બુખારી)

એક હદીસમાં સંપુર્ણ સ્વચ્છતા અને સંપુર્ણ પવિત્રતાની કલ્પના આ રીતે બયાન કરવામાં આવી છે:

''હઝરત અબૂહુરૈરહ રદિ. ફરમાવે છે કે મે રસૂલ સ.અ.વ.ને ફરમાવતાં સાંભળ્યા છે કે તમારો શો અભિપ્રાય છે કે જો તમારામાંથી કોઈના દરવાજે નહેર હોય અને તેમાં દરરોજ પાંચ વખત નહાય તો શું એના શરીર પર કાંઈ પણ મેલ-કુચેલ બાકી રહેશે? સહાબાએ કિરામ રદિ.એ કહ્યું નાં, તેનાં શરીર ઉપર જરા પણ મેલ-કુચેલ બાકી નહી રહે. આ સ.અ.વ. એ ફરમાવ્યું: પાંચેય વખતની નમાઝનું એજ ઉદાહરણ છે. અલ્લાહ તેમનાથી પાપોને મટાડે છે.'' (બુખારી, મુસ્લિમ)

ઈસ્લામ દર્શન કેન્દ્ર, જૂનાગઢ

# સાપ્તાહિક રાશી ભવિષ્ય

## તા.૦૩-૦૪-૨૦૨૩ થી ૦૮-૦૪-૨૦૨૩ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ

| મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ | વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર | મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ | કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર | સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય | કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ |
|---|---|---|---|---|---|
| પારિવારીક મદદથી અગત્યના કાર્યમાં સફળતા મળેવી શકશો. જીવનસાથી પ્રત્યે વિશેષ લગાવ રહે. સામાજિક કાર્યમાં સફળતા મળે. અકારણ વિવાદથી દૂર રહેવું. મન પ્રફુલ્લિત રહે. નવિન આનંદદાયક સમાચાર મળે. શત્રુ વર્ગ નિર્બળ બને. જો કોઈ સમસ્યા હોય તો તેનું સમાધાન થાયે તેવો સમય છે. આરોગ્ય અંગે સાવચેતી રાખવા જેવો સમય છે. આ સમય દરમ્યાન મુસાફરી ટાળવી હિતાવહ. | મનની મુરાદ પૂરી થાય. અતિ મહત્વના કાર્યમાં સફળતા મેળવી શકશો. ધીરજપૂર્વક આગળ વધવાથી સફળતા પ્રાપ્ત કરી શકશો. પ્રવાસ ઉત્સાહસભર પૂર્ણ કરી શકશો. ભાવાત્મક પીડા અનુભવાય. સંપત્તિનો લગતા કાર્યોમાં ઉત્તરોત્તર પ્રગત્તિ કરી શકશો. માનસિક તનાવમાંથી મૂક્તિ મળે. અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. કલા-સાહિત્ય ક્ષેત્રે વિશેષ લગાવ રહે. મનની મીઠી મૂંઝવણ દૂર કરી શકશો. | આ સમય દરમ્યાન તંદુરસ્તી બાબતે ખાસ સાવચેત રહેવું. નાણાંકીય રોકાણકારોએ પ્રતિકૂળ સમય હોઈ શક્ય હોય તેટલું રોકાણ ટાળવું. ભાઈ-બહેનના સહકારથી કાર્ય સફળતાથી પાર પાડી શકશો. જો કે, દામ્પત્ય જીવનમાં મતભેદ રહે. આર્થિક સમસ્યા હળવી થશે. અટકી પડેલા કાર્યો પૂર્ણ કરી શકશો. નોકરીયાત વર્ગને આકસ્મીક લાભ થાય. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં રૂકાવટ આવે. અકસ્માતથી સંભાળવું. | આ સપ્તાહ દરમ્યાન સંતાન સંબંધિ ચિંતા રહે. પારિવારીક સમસ્યા પ્રબળ બને. હરિફવર્ગને પીછેહટ કરવી પડે. જૂના સંબાંધિઓની મદદ મળે. મહત્વનાના નિર્ણયો આ સપ્તાહ દરમ્યાન મોકુફ રાખવા હિતાવહ. યશ, માન, પ્રતિષ્ઠામાં વધારો થાય. વ્યાપાર-ધંધામાં વૃધ્ધિ થશે. આવક સંબાંધિ નવા માર્ગો ખૂલ્લે. મનની મૂંઝવણ દૂર કરી શકશો. નાનો આકસ્મીક આર્થિક ખર્ચનો પ્રસંગ બને. યાત્રા-પ્રવાસ ટાળવો હિતાવહ. | આ સપ્તાહ દરમ્યાન થોડી આર્થિક મૂંઝવણ અનુભવાય. નોકરીયાત વર્ગ માટે બઢતી-બદલીના યોગ સર્જાય. વ્યાપારી વર્ગ માટે મધ્યમ સમય. હિતશત્રુઓથી સાવચેતી રાખવી હિતાવહ. માંગલિક કાર્ય માટે આયોજન થાય. આરોગ્ય બાબાતે આ સપ્તાહે ખાસ ચિંતા જેવું નથી. તમે કરેલું આયોજન ગુપ્તતાપૂર્વક પાર પાડવાથી સફળતા પ્રાપ્ત કરી શકશો. કાર્યબોજમાં વધારો જોવા મળે. જો કે, તેનું શુભ ફળ પણ મેળવી શકશો. | વિદ્યાર્થીઓ માટે આ સપ્તાહ શુભ ફળદાયી નીવડે. અટકી પડેલા કાર્યમાં મંદગતિ રહે. સંતાન વર્ગ બાબતની ચિંતા રહે. અકારણ મનમાં ચિંતા અનુભવાય. મુસાફરીનું આકસ્મીક આયોજન નકારી ન શકાય. મિત્રો-સ્નેહિજનો સાથે સારો લાભ પ્રાપ્ત કરી શકશો. પારિવારીક કાર્યમાં સફળતા મળે તેમજ યશ, વૃધ્ધિ પણ થાય. |

| તુલા : ર.ત. સ્વામિ - શુક્ર | વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ | ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ | મકર : ખ.જ. સ્વામિ - શની | કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની | મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ |
|---|---|---|---|---|---|
| સપ્તાહની શરૂઆતમાં નાણાંકિય તંગી અનુભવાય. આકસ્મીક ખર્ચના ભોગ બનાવું પડે. વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું નહિંતર પીછેહટ કરવાનો વખત આવે. બૌધિક કાર્યમાં અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. રાજકીય બાબતોને લગતા કાર્યમાં સાવચેતી રાખવી. હિતશત્રુઓ સ્વમાન ભંગ માટે પ્રયત્નશીલ બને પરંતુ દાળ ગળે નહિં. | આ સપ્તાહ દરમ્યાન નવી ઓળખાણો લાભદાયી નીવડે તેમજ જૂની ઓળખાણો પણ સફળતા માટે મદદરૂપ નીવડે. વડીલ વર્ગ સાથે મનદુઃખ ઊભું થાય પણ પાછળથી સુલેહ થઈ જાય. અધિકારી વર્ગ સાથે ચકમક ઝરે. જોખમી કાર્યો ટાળવા હિતાવહ. નાણાંકીય લાભ મેળવી શકશો. આકસ્મીક ધન લાભ થાય. પ્રિયજન સાથે વિશેષ લગાવ રહે. વાણી સંયમ જાળવવો હિતાવહ. | આ સપ્તાહ દરમ્યાન સામાજિક કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. માનસિક મૂંઝવણ દૂર કરી શકશો. સંતાન સંબંધિ ચિંતા દૂર થાય. મનની પ્રસન્નતામાં વધારો થાય. માંગલિક કાર્યો અંગે ગોઠવણ થાય. દોડા-દોડીમાં ઘટાડો થાય. ક્રોધ ઉપર કાબુ રાખવો. નવી મોજ શોખની વસ્તુની ખરીદી નકારી ન શકાય. અલબત્ત ખાવા-પીવા અને આનંદ-પ્રમોદ પાછળ નાણું વપરાય તેવા યોગ છે. આકસ્મીક પ્રવાસનું આયોજન થાય. | આ સપ્તાહ જરા સંઘર્ષસભર વ્યતિત થાય. ખાસ તો કાર્યબોજ વિશેષ રહે જેથી માનસિક ટેન્શન અને અકારણ ક્રોધના ભોગ ન બની જવાય તે માટે ખાસ સાવચેતી રાખવી નહિંતર પાછળથી પસ્તાવવાનો વખત આવે. આત્મવિશ્વાસ અને પુરૂષાર્થથી આ સમય દરમ્યાન પ્રગતિ કરી શકશો. પડવા-વાગવાથી સંભાળવું. પરોપકારને લગતા કાર્યો ટાળવા નહિંતાર પીડા વેઠવી પડે. ગુપ્ત ષડયંત્રના ભોગ ન બનો તેની ખાસ તકેદારી રાખવી. | આ સમય તમારા માટે મધ્યમ અને મિશ્ર ફળદાયી નીવડે. નવિન મકાન, વાહન આદિની ખરીદીના યોગ છે. રચનાત્મક કાર્યમાં રૂચિ વધે. આપત્તિ ટળે. અધ્યાત્મિક અભિરૂચિમાં વધારો થાય. આમોદ પ્રમોદમાં અધિક્તા રહે. લગન અને મહેનતથી અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. નવિન ઓળખાણ લાભદાયી નીવડે. નવિન ખરીદી થાય. કોર્ટ-કચેરીને લગતા કાર્યો વિલંબામાં પડે. ગૃહજીવનમાં આનંદ રહે. | કાર્યની અધિક્તાને કારણે અત્યંત વ્યસ્ત રહેવાય. શત્રુપક્ષ પ્રબળ બને. અગત્યના કાર્યમાં રૂકાવટ આવે. અકારણ ગુસ્સો રહે. ધાર્મિક કાર્યમાં ધન વપરાય. જમીન સંબંધિત કાર્યમાં સફળતા મેળવી શકશો. કોઈ ગેરસમજનો ભોગ ન બની જવાય તેની સાવચેતી રાખવી. પ્રવાસ-મુસાફરીમાં સફળતા મળે. ભાગીદારી વર્ગ સાથે મનદુઃખ રહે. સાહસિક કાર્યમાં સફળતા મળે. |

### આફતાબના વકીલે કોર્ટ સમક્ષ કર્યો છે દાવો

# આફતાબને જેલમાં કેદીઓએ માર માર્યો હોવાનો દાવો

**શ્રદ્ધા હત્યાકાંડ મામલે છેલ્લી સુનાવણી ૨૫ માર્ચના રોજ થઈ હતી, ત્યારે આફતાબ પૂનાવાલાએ પોતાનો વકીલ બદલી દીધો હતો**

(દિલ્હી બ્યુરો દ્વારા)

નવી દિલ્હી, તા. ૩

દિલ્હીમાં પોતાની લિવ ઈન પાર્ટનરની હત્યા અને પછી તેની લાશના ટૂકડાં કરી સગેવગે કરવાના આરોપમાં હત્યારો આફતાબ હાલ તિહાડ જેલમાં બંધ છે. ત્યારે શ્રદ્ધા વાલકરની હત્યા કેસમાં આરોપ નક્કી કરવા માટે સાકેત કોર્ટમાં ચાલી રહેલી સુનાવણી હાલ પૂરતી ટળી છે. આગામી સુનાવણી આજે થનાર છે આ કેસમાં શ્રદ્ધાના હત્યાકાંડના આરોપી આફતાબ પૂનાવાલાના વકીલ આરોપ લગાવ્યા છે કે, આફતાબ સાથે જેલમાં અન્ય કેદીઓએ મારપીટ કરી છે. આફતાબના વકીલની ફરિયાદ બાદ કોર્ટે જેલ તંત્રને નિર્દેશ આપ્યો છે કે, જયારે આફતાબને રજૂ કરવામાં આવે ત્યારે તેની સુરક્ષાની સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવે. શ્રદ્ધા હત્યકાંડમામલે છેલ્લીસુનાવણી ૨૫ માર્ચના રોજ થઈ હતી. ત્યારે આફતાબ પૂનાવાલાએ પોતાનોવકીલબદલી દીધો હતો. આફતાબ પૂનાવાલાએ કોર્ટ તરફથી મળેલા સરકારી વકીલની જગ્યાએ અક્ષય ભંડારીને પોતાના વકીલ બનાવ્યા છે. વકીલ અક્ષય ભંડારીએ દલીલો શરૂ કરવા માટેકોર્ટપાસે થોડોસમયમાગ્યો હતો. દિલ્હીની સાકેત કોર્ટે આરોપો ઉપર ચર્ચા કરવા માટે આફતાબને છેલ્લી તક આપી હતી. કોર્ટે આફતાબને કહ્યું હતું કે, જો વકીલ બદલ્યો તો દલીલો રજૂ કરવા માટે બીજી વાર તક મળશે નહીં. કોર્ટે આફતાબના નવા વકીલને કેસ સાથે સંકળાયેલા તમામ દસ્તાવેજો આપવા માટે કહ્યું હતું. શ્રદ્ધા વાલકરના પિતા તરફતી તેમના વકીલે ઓડિયો અને વિડીયો રેકોર્ડિંગ આપવાની માગ કરી હતી. તેઓએ કહ્યું હતું કે, તેઓ તેને ક્યાંય પણ ડિસ્ક્લોજ કરશે નહીં. કોર્ટે હાલ તો તેમને ઓડિયો અનેવિડીયો રેકોર્ડિંગઆપવાનો ઈન્કાર કર્યો હતો. મહત્વનું છે કે, ગઈ ૨૧ માર્ચના રોજ સામે આવેલા રિપોર્ટ મુજબ, દિલ્હી પોલીસે સાકેતની એક સેશન કોર્ટમાં દાવો કર્યો હતો કે, આફતાબ અમીન પૂનાવાલાને પોતાની લિવ ઈન પાર્ટનર શ્રદ્ધાની વાલકરની હત્યાનો દોષિત સાબિત કરવા માટે તેમની પાસે પૂરતા પુરાવા છે. ફરિયાદી પક્ષે પોતાની દલીલો પૂરી કરી હતી અને બચાવ પક્ષે શરૂઆતમાં કોર્ટ પાસે સમય માગ્યો હતો. ફરિયાદી પક્ષે કોર્ટ સમક્ષ શ્રદ્ધા અને આફતાબની એક ઓડિયો રેકોર્ડિંગ પણ રજૂ કરી હતી. જેમાં તેઓ પોતાના સાઈકેટ્રિસ્ટ સાથે વાત કરી રહ્યાં છે. આ ઓડિયો ક્લિપમાં શ્રદ્ધા કહે છે કે આફતાબે તેને કેટલીય વાર મારવાનો પ્રયાસ કર્યો છે. શ્રદ્ધાએ પોતાના સાઈકેટ્રિસ્ટને જણાવ્યું હતું કે, આફતાબે તેને વારંવાર મારવાની ધમકી આપી હતી. તેણે મારવી ન જોઈએ, પરંતુ મુશ્કેલીઓને લઈને વાત કરવી જોઈતી હતી. તો આફતાબ કહી રહ્યો છે કે તે એવો વ્યક્તિ નહોતો કે જે બનવા માગતો હતો. જો કે, એ હજુ સુધી સ્પષ્ટ થયુ નથી કે સાઈકેટ્રિસ્ટ સાથે આફતાબ અને શ્રદ્ધાનું સેશન કોણે બુક કર્યુ હતુ અને તેઓએ કેટલાં સેશન અટેન્ડ કર્યા હતા. જો કે, શ્રદ્ધા અને આફતાબના રેકોર્ડિંગથી એ સ્પષ્ટ થઈ ગયુ છે કે આફતાબે શ્રદ્ધાને વારંવાર માર માર્યો હતો અને તે બેભાન થઈ ગઈ હતી. ૩૪ મિનિટના ઓડિયો ક્લિપમાં શ્રદ્ધા કાઉન્સિલરને કહી રહી છે કે, મને ખબર નથી કે તેણે મને કેટલી વાર મારવાનો પ્રયાસ કર્યો હતો. આવું પહેલીવાર નથી બન્યું કે તેણે તેને મારવાનો પ્રયાસ કર્યો હોય. આફતાબે જ્યારે મારી ગરદન પકડી ત્યારે મને કંઈ પણ દેખાતુ નહોતું. હું ૩૦ સેકન્ડ સુધી શ્વાસ પણ નહોતી લઈ શકતી. એ પછી મેં તેના વાળ પકડ્યા અને મારી જાતને બચાવી હતી. શ્રદ્ધાએ કહ્યું કે, જ્યારે પણ આફતાબ મારી આસપાસમાં હોય ત્યારે મને ડર લાગે છે. તે મુંબઈમાં પણ મારી આસપાસ રહેતો હતો. મને હંમેશા ડર લાગતો હતો કે આ શહેરમાં તે મને ગમે તે કરીને શોધી કાઢશે અને મારવાનો પ્રયાસ કરશે. આફતાબનું વર્તન મને મારી નાખવાનું હતું. આફતાબ માત્ર મારપીટ જ નહીં શારીરિક હિંસા પણ કરતો હતો. એ મને જાનથી મારી નાખવાનો પ્રયાસ કરતો હતો. પહેલીવાર નથી કે તેણે મને મારવાનો પ્રયાસ કર્યો હોય. જોકે, આ દર્શાવે છે કે આફતાબ કેટલો ખતરનાક અને ચાલક છે.

### ડચ લોકો ક્રેડિટ કાર્ડને નફરત કરે છે

# નેધરલેન્ડ્સમાં લોકો ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરતા નથી

**યુનાઈટેડ સ્ટેટ્સમાં લોકો બેંકોમાંથી નાણાં ઉછીના લેવા માટે ઉન્મત્ત છે, જ્યારે નેધરલેન્ડ્સમાં લોકો બરાબર વિપરીત માનસિકતા ધરાવે છે**

નવી દિલ્હી, તા.૩

ડચ લોકો ચૂકવણી કરવા માટે મુખ્યત્વે તેમના ડેબિટ કાર્ડનો ઉપયોગ ઓછો કરે છે. અહીં તમે દુકાન કે રેસ્ટોરન્ટમાં તમારા ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરી શકશો નહીં. ખાસ કરીને નાના શહેરોમાં આવું થવાની સંભાવના છે. તેથી વિદેશી નાગરિકો અહીં રોકડ રાખવાનું સુનિશ્ચિત કરે છે અને ઘણીવાર મોટા શહેરોમાં પણ પૂછે છે કે શું તેઓ ક્રેડિટ કાર્ડ દ્વારા ચૂકવણી કરી શકે છે.

યુનાઈટેડ સ્ટેટ્સમાં લોકો બેંકોમાંથી નાણાં ઉછીના લેવા માટે ઉન્મત્ત છે, જયારે નેધરલેન્ડ્સમાં લોકો બરાબર વિપરીત માનસિકતા ધરાવે છે. ડચ લોકો ક્રેડિટ કાર્ડને નફરત કરે છે, અને દેશમાં ઘણા સ્ટોર્સ છે જે તેમને સ્વીકારતા પણ નથી! ઉછીના લીધેલા પૈસા પ્રત્યે આ સામાન્ય અણગમો ડચ સંસ્કૃતિમાંથી જ આવે છે.

જો તમને લાગે કે પૈસા ખર્ચવાની વાત આવે ત્યારે ડચ લોકો ખરેખર મોટા દિલના છે. નેધરલેન્ડ જવું એટલે બધું શેર કરવું. અહીં પતિ-પત્નીની એક સામાન્ય આદત છે કે તેઓ તેમના રાત્રિભોજનના બિલ અને ઘરના અન્ય તમામ નિયમિત ખર્ચાઓ પણ વહેંચે છે. ડચ લોકો માને છે કે પૈસા ઉછીના લેવા જે તમે હવે પાછા ચૂકવી શકતા નથી તે સારો વિચાર નથી. તમે ભવિષ્યમાં તેને ચૂકવવાના વચન સાથે ઉધાર લઈ રહ્યા છો, જે તેમના માટે બકવાસ છે. જોકે, ઘર અને કાર ખરીદવાની ડચ લોકોની આ થિયરી અહીં કામ કરતી નથી. ડચ સંસ્કૃતિમાં, કાર અથવા ઘર ખરીદવું એ જવાબદારી તરીકે જોવામાં આવતું નથી, પરંતુ એક સંપત્તિ તરીકે જોવામાં આવે છે જે તમને ભવિષ્યમાં નાણાં બચાવવામાં મદદ કરશે. આ દેશમાં ઘરનું ભાડું એટલું મોંઘું છે કે લોકો તેને વધુ સારા હપ્તા લઈને ચૂકવવામાં માને છે કારણ કે જ્યારે ઘર વેચાય ત્યારે તમને વધુ કિંમત મળશે. નેધરલેન્ડ્સમાં, ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરવાના ખરેખર કોઈ ફાયદા નથી. ભાગ્યે જ એવી કોઈ કંપની હશે કે જે ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરવા માટે આકર્ષક પુરસ્કારો ઓફર કરે છે અથવા પોઈન્ટ ઓફર કરે છે જેને તમે પછીથી કોઈપણ ઉત્પાદન અથવા સેવા માટે રિડીમ કરી શકો છો. આવા કોઈપણ લાભો વિના કોઈપણ રીતે દેવું કોણ કરવા માંગશે?

# હવે એમ.ફાર્મ થયેલા ઉમેદવારો પણ પ્રાથમિક શાળામાં શિક્ષક બની શકશે

**શિક્ષણ વિભાગ દ્વારા શિક્ષક બનવા માટેની લાયકાતમાં સુધારો કરાયો**

અમદાવાદ તા.૩

રાજયના શિક્ષણ વિભાગ દ્વારા શિક્ષણની ગુણવતામાં વધારો કરવા માટે તેમજ વિદ્યાર્થીઓના હિતમાં મહત્વનો નિર્ણય લીધો છે. જેમાં હવે ફાર્મસી, એમબીએ તથા એમસીએ કરેલા વિદ્યાર્થીઓ પણ શિક્ષક બની શકશે. રાજયના શિક્ષણ વિભાગ દ્વારા બી ફાર્મ, એમ ફાર્મ, એમબીએ તથા એમસીએ પાસ ઉમેદવારોને પણ શિક્ષક બનવા માટે લાયક ગણવાનું નકકી કર્યુ છે. શિક્ષણ વિભાગે પ્રાથમીક શિક્ષકની લાયકાતમાં વધુ ચાર કોર્ષનો ઉમેરો કર્યો છે.

રાજયના શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમીક શાળાના શિક્ષકોની ભરતીમાં ઈજનેરીનો અભ્યાસ કરેલા ઉમેદવારોને પણ લાયક ગણવા અંગે તાજેતરમાં નિર્ણય લીધો હતો જે અંગે શિક્ષણ વિભાગ દ્વારા ૧૭ માર્ચના રોજ નવા સુધારા વધારા સાથેનો અને માર્કની ગણતરી સાથેનો સતાવાર ઠરાવ બહાર પાડયો હતો. શિક્ષણ વિભાગ દ્વારા બહાર પાડેલા ઠરાવમાં જણાવાયું હતું કે ધો.૬ થી ધો.૮ના શિક્ષકોની શૈક્ષણીક લાયકાતમાં કરાયેલા ફેરફારમાં ગણિત વિજ્ઞાનના શિક્ષક માટે બીઈ અને બીટેકની લાયકાત ઉમેરવામાં આવી હતી. જો કે શિક્ષણ વિભાગ દ્વારા ફરી એકવાર સુધારો કરી આ લાયકાતના ધોરણમાં બીફાર્મનો ઉમેરો કર્યો છે. સામાજીક વિજ્ઞાનમાં બીબીએ, બીસીએ તેમજ બીએમાં ભારતીયસંસ્કૃતિ અને હોમ સાયન્સ વિષયનો ઉમેરો કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત માસ્ટરના અભ્યાસના પાંચ માર્ક ગણવામાં આવે છે જેમાં એમએ, એમઆરએસ તથા એમકોમની લાયકાત ગણવામાં આવતી હતી પરંતુ હવે તેમાં એમસીએ અને એમબીએનો પણ ઉમેરો કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત એમબીએ, એમસીએ, એમઈ અને એમટેકના જ ગુણ ગણવાનું નકકી કરાયું હતું. જેમાં પણ એમ ફાર્મનો સમાવેશ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. આ સુધારા સાથેનો ઠરાવ તાજેતરમાં બહાર પાડવામાં આવ્યો છે.

### આખી રાત હવસનો શિકાર બનાવે છે

# મહિલા ડોકટરો સાથે ઈલાજના બદલે મજા કરી રહ્યા છે રશિયન

**આ યુદ્ધના કારણે રશિયા માટે યુદ્ધ લડી રહેલા સૈનિકો માટે કેટલાક ડોકટરો અને નર્સોને યુક્રેન મોકલવામાં આવ્યા છે**



નવી દિલ્હી, તા.૩

૨૦૨૨માં રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ શરૂ થયુ ત્યારે કોઈએ વિચાર્યુ પણ નહોતું કે તેમને યુદ્ધ જેવી પરિસ્થિતિનો સામનો કરવો પડશે. પણ બંને દેશો વચ્ચે લાંબુ ચાલે એવું યુદ્ધ થયું અને આ યુદ્ધ આજે પણ ચાલુ છે. આ યુદ્ધથી બંને દેશોને ઘણું નુકસાન થઈ રહ્યું છે. પરંતુ યુક્રેન એક નાનો દેશ હોવાથી તેનું નુકસાન વધુ છે. જોકે, આ નાનકડા દેશે જે રીતે રશિયાનો સામનો કર્યો છે, તે પણ પ્રશંસનીય છે. બીજી તરફ આ યુદ્ધમાં રશિયાને પણ ઘણું નુકસાન થયું છે. ઘણા સૈનિકોના મૃત્યુપછી પણ યુદ્ધ ચાલુ છે. અને ક્યારે તેનો અંત આવે તેનો કોઈ અંદાજ લગાવી શકાય એમ નથી. આ યુદ્ધના કારણે રશિયા માટે યુદ્ધ લડી રહેલા સૈનિકો માટે કેટલાક ડોકટરો અને નર્સોને યુક્રેન મોકલવામાં આવ્યા છે. હવે આમાંથી કેટલાક લોકોએ દુનિયા સામે રશિયન સૈનિકોની કાળી કરતૂતોનો પર્દાફાશ કર્યો છે. તે લોકો તેમની સારવાર માટે જાય છે પરંતુ સૈનિકો તેને પોતાની હવસનો શિકાર બનાવે છે. તેઓના કહેવા અનુસાર આ સૈનિકો તેમનો ફાયદો ઉઠાવી રહ્યા છે. સૈન્યના ઉચ્ચ કક્ષાના અધિકારીઓ પણ આ ગંદી હરકત કરી રહ્યા છે. રેડિયો ફ્રી યુરોપને ઈન્ટરવ્યુ આપવા આવેલા એક રશિયન ઓફિસરે આ વાતનો ખુલાસો કર્યો હતો. એક રશિયન અધિકારીએ યુદ્ધ દરમ્યાન ડોકટરો અને નર્સો ઉપર કરવામાં આવતા આ હવસના અત્યાચારનો ખુલાસો કર્યો. તેણે કહ્યું કે સૈનિકો આ ડોક્ટરોને ખોરાક બનાવવા, કપડાં ધોવા એટલું જ નહીં તેમની સાથે સૂવા માટે પણ દબાણ કરે છે. જોકે તેણે પોતાની ઓળખ છુપાવી છે. પોતાની ઓળખ છુપાવતી વખતે મહિલાએ અન્ય ઘણા ચોંકાવનારા ખુલાસા પણ કર્યા છે. તેણે એમ પણ કહ્યું કે જે પણ ડોક્ટર આવું કરવાનો ઈનકાર કરે છે તેને સખત સજા આપવામાં આવે છે અને પછી તેની સાથે મારપીટ પણ કરવામાં આવે છે. પહેલા તો જ્યારે તેણીએ પોતાની આંખોથી આ બધું જોયું ત્યારે તેણીને વિશ્વાસ થયો નહોતો. પણ તેણે ખાતરી પૂર્વક કહ્યું હતું કે આ હકીકત છે. પોતાની ઓળખ છુપાવતી વખતે મહિલાએ અન્ય ઘણા ચોંકાવનારા ખુલાસા પણ કર્યા છે. રશિયન આર્મીના સર્વોચ્ચ સ્તરે પહોંચેલા આ અધિકારીએ જણાવ્યું હતુ કે એક સમયે તે પણ ગંદા કામ કરવા માટે મજબૂર હતો. પરંતુ જ્યારે તેણે ના પાડી તો તેને કેટલાક મહિનાઓ સુધી ટોર્ચર કરવામાં આવ્યો. એવા સ્થળે કે જ્યાં દરેક જણ ઠંડીમાં ગરમ ચાદરમાં તંબુની અંદર સૂતા હતા, ત્યાં તેને બહાર ખુલ્લામાં સૂવા માટે મજબૂર કરવામાં આવ્યો હતો. તેમની ટીમની અન્ય સાત મહિલાઓ પણ ગુલામ બનવા માટે સંમત થઈ હતી.

### ઈનામના ૨૫ લાખથી ખોલવું છે રેસ્ટોરાં

# માસ્ટર શેફ ઈન્ડિયા ૭નો વિજેતા બન્યો નયનજ્યોતિ


## અસમની શાંતા શર્મા અને મુંબઈની સુવર્ણા બાગુલ અનુક્રમે ફર્સ્ટ અને સેકન્ડ રનરઅપ

(મુંબઈ બ્યુરો દ્વારા)

મુંબઈ, તા.૩

કૂકિંગ રિયાલિટી શો ’માસ્ટર શેફ ઈન્ડિયા ૭નો અંત આવ્યો છે અને અસમના નયનજ્યોતિ સૈકિયાના રૂપે વિજેતા મળી ગયો છે. ૧૩ અઠવાડિયા સુધી હોમ કૂક્સે દર્શકોને સ્વાદિષ્ટ મનોરંજન પીરસ્યું હતું. આખરે કન્ટેસ્ટન્ટ નયનજ્યોતિ સૈકિયા માસ્ટર શેફના ટાઈટલ અને ટ્રોફીનો વિજેતા બન્યો છે. માસ્ટર શેફ ઈન્ડિયા ૭ના ગ્રાન્ડ ફિનાલેમાં જાણીતા શેફ સંજીવ કપૂર હાજર રહ્યા હતા. શોના શેફ રણવીર બ્રાર, વિકાસ ખન્ના અને ગરિમા અરોરા સાથે મળીને તેમણે ટોપ-૩ કન્ટેસ્ટન્ટ્સની કસોટી કરી હતી. અસમનો નયનજ્યોતિ માસ્ટશેફ ઈન્ડિયાની ટ્રોફી ઉપરાંત ૨૫ લાખ રૂપિયા અને ગોલ્ડન શેફ કોટ જીત્યો છે. અસમની શાંતા શર્મા ફર્સ્ટ રનર અપ જ્યારે મુંબઈની સુવર્ણા બાગુલ સેકન્ડ રનર અપ જાહેર કરાઈ હતી. બંનેને પાંચ-પાંચ લાખ રૂપિયાના ચેક આપવામાં આવ્યા છે. ત્રણેયને જયેન મહેતા તરફથી મેડલ પણ આપવામાં આવ્યા હતા. શો જીત્યા પછી નયનદીપ જયોતિની ખુશી સાતમા આસમાને છે. અમારા સહયોગી ઈટાઈમ્સ ટીવી સાથે વાત કરતાં નયનદીપે કહ્યું, અત્યારે મારી જીત વિશે કશું અનુભવી નથી રહ્યો કારણ કે શો જીત્યો ત્યારથી આ અંગે કોઈની સાથે વાત નથી કરી. હું અત્યાર સુધી ચૂપ બેઠો છું. જોકે, શોનું રિઝલ્ટ બે અઠવાડિયા પહેલા જ ઓનલાઈન લીક થઈ ગયું હતું. એવામાં નયનજ્યોતિની અભિનંદન પાઠવતા ફોન આવ્યા કે નહીં? તેણે કહ્યું, હું શો જીત્યો તેની થોડી જ ક્ષણો પછી મારા પરિવારને ખબર પડી ગઈ હતી. પહેલીવાર તેઓ રાત્રે મોડી સુધી જાગ્યા હતા જેથી મારૂ ફિનાલેનું રિઝલ્ટ જાણી શકે. હું જ્યાં રહું છું ત્યાં સામાન્ય રીતે સૂરજ વહેલો આથમી જાય છે અને લોકો ઊંઘી પણ વહેલા જાય છે. પરંતુ એ દિવસ તેઓ બધા જ મોડી રાત સુધી જાગ્યા હતા અને મોડે સુધી શો જોયો હતો. હા, મને અભિનંદન પાઠવતા સંદેશાઓ પણ આવી રહ્યા હતા પરંતુ એ વખતે હું તેમને કોઈ જવાબ નહોતો આપી શક્યો. લોકોને મારા વિજેતા બનવા અંગે જાણ હતી પરંતુ જયાં સુધી એપિસોડ ટેલિકાસ્ટ ના થાય ત્યાં સુધી હું કોઈની કહી નહોતો શકતો. શોમાં પોતાની જર્ની વિશે વાત કરતાં નયનજયોતિએ કહ્યું, "માસ્ટર શેફ ઈન્ડિયામાં મારી પસંદગી થશે એવી મને કલ્પના પણ નહોતી. હું ફક્ત ઓડિશન આપવા આવ્યો હતો અને જ્યારે મારી પસંદગી થઈ ત્યારે હું ખુશીથી નાચી ઉઠ્યો હતો. પછી જ્યારે મને શોમાં મારા નામનું એપ્રન આપવામાં આવ્યું ત્યારે હું ઉત્સાહમાં આવી ગયો હતો. દર અઠવાડિયે હું પ્રાર્થના કરતો હતો કે, બીજું એક અઠવાડિયું ખેંચી નાખું. જ્યારે હું ફાઈનલમાં પહોંચ્યો ત્યારે મને આત્મવિશ્વાસ બેઠો કે હું કંઈક મોટું કરી જ શકીશ. મને આ જર્ની વિશે સૌથી સારી બાબત એ લાગી કે હું શોના અંતિમ દિવસ સુધી કૂકિંગ કરી શક્યો."

# વ્લાદિમીર પુતિન માટે ICCનું ધરપકડ વોરંટ; ત્યારે અમેરિકા યુરોપિયન-ઈઝરાયેલના યુદ્ધ ગુનેગારો ઉપર કોઈ પગલાં નહીં !!



(એજન્સી) તા.૩

ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ (ICC)એ ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૨થી યુક્રેનમાં આચરવામાં આવેલા યુદ્ધ અપરાધો માટે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન માટે ધરપકડ વોરંટ જારી કર્યું છે. પ્રશ્ન એ છે કે જયારે પુતિને અત્યાચારી બશર અલ અસદ વિરૂદ્ધ ઉભા થયેલાર સીરિયનોની કતલ કરી અને ચેચન મુસ્લિમો ઉપર બર્બરતા ફેલાવી ત્યારે આ ICC ક્યાં હતું.

આ જ ICCએ યુનાઈટેડ સ્ટેટ્સ, બ્રિટિશ, અને યુરોપિયન અને ઈઝરાયેલના નેતાઓને તેમના અનંત યુદ્ધ અપરાધો માટે અને ખાસ કરીને મુસ્લિમ દેશોમાં તેમની બર્બરતા માટે કેસ ચલાવવાનો ઈનકાર કર્યો હતો, પણ તે હવે વ્લાદિમીર પુતિન માટે ધરપકડ વોરંટને લાગુ કરવા માટે કંઈપણ કરશે. પ્રશ્ન એ છે કે જયારે યુએસ, યુરોપ અને ઈઝરાયેલે મુસ્લિમ દેશો સામે જઘન્ય ગુનાઓ આચર્યા હતા અને હજુ પણ તેઓ આવું કરી રહ્યા છે ત્યારે ICC ક્યાં હતું. વાસ્તવમાં તેની શરૂઆત અફઘાનિસ્તાન ઉપર સોવિયેત આક્રમણથી થઈ હતી અને ત્યારપછી અમેરિકી આક્રમણ થયું હતું. બે મહાસત્તાઓએ અફઘાન દેશને તબાહ કર્યો ઉપરાંત અફઘાનોની હત્યાઓ કરી હતી. અંદાજિત ૧૦,૦૦૦ બોસ્નિયન મુસ્લિમોની સ્રેબ્રેનિકા ખાતે હત્યા કરવામાં આવી હતી. મ્યાનમારમાં શાસક જુન્ટાએ રોહિંગ્યા મુસ્લિમોનો નરસંહાર કર્યો જેઓ હજુ પણ બાંગ્લાદેશમાં શરણાર્થી શિબિરોમાં રહે છે ત્યારે આ આઈસીસીની ધરપકડ વોરંટ ક્યાં હતા ?

પૂર્વ યુએસ પ્રમુખ જ્યોર્જ બુશ દ્વારા ઈરાકના સદ્દામ હુસૈન દ્વારા કુવૈત ઉપર આક્રમણ કરવા માટે અને કુવૈતને આઝાદ કરવાની આડમાં બુશે બોમ્બમારો કરીને કુવૈતનો નાશ કર્યો અને ઈરાકીઓની કતલ કરી હતી. તેમના પુત્ર જ્યોર્જ બુશ જુનિયરે પૂર્વ બ્રિટિશ વડાપ્રધાન ટોની બ્લેર સાથે મળીને, ઈરાક ઉપર સામૂહિક વિનાશના શસ્ત્રો વિકસાવવાનો ખોટો આરોપ મૂક્યો, બોમ્બ ધડાકા કર્યા અને આ વિકસિત દેશને કતલખાનામાં ફેરવ્યો. તેઓએ આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો નાશ કરવા ઉપરાંત હજારો ઈરાકીઓને મારી નાખ્યા. પરંતુ બુશ આજે મુક્ત છે જયારે બ્લેરને સ્વર્ગસ્થ રાણી એલિઝાબેથ દ્વારા સર્વોચ્ચ એવોર્ડ આપવામાં આવ્યો હતો.

યુએસ અને તેના યુરોપિયન ભાગીદારોએ તેલ સમૃદ્ધ લીબિયા ઉપર બોમ્બમારો કર્યો, તેના આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો નાશ કર્યો, લીબિયનોની હત્યા કરી અને તેમનું સોનું અને નાણાં લૂંટી લીધા હતા ત્યારે આ આઈસીસીની ધરપકડ વોરંટ ક્યાં હતા ?

ગયા વર્ષે ફેબ્રુઆરીમાં વ્લાદિમીર પુતિને યુક્રેન ઉપર હુમલો કર્યો ત્યારે આ આંતરરાષ્ટ્રીય સમુદાયે પુતિન ઉપર યુદ્ધ અપરાધોનો આરોપ લગાવતા ધરપકડ વોરંટ જારી કર્યું છે. જ્યારે મુસ્લિમો ઉપર આક્રમણ કરનારા બ્લેર અને બુશ માટે હજુ પણ કોઈ ધરપકડ વોરંટ આવ્યું નથી. ઈઝરાયેલ, આવા સભ્ય દેશો સાથે મળીને લાંબા સમયથી પેલેસ્ટીનીઓની ક્રૂરતા સાથે હત્યા કરી રહ્યું છે. ઈઝરાયેલના તમામ નેતાઓએ યુદ્ધ અપરાધ કર્યા છે. મેનાકેમ બિગિને ૨૫૦ થી વધુ પેલેસ્ટીનીઓની હત્યા કરી હતી અને પાછળથી તેઓ ઈઝરાયેલના વડાપ્રધાન બન્યા અને તેમને પ્રખ્યાત નોબેલ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. આ ગુનામાં તેના ભાગીદાર એરિયલ શેરોન એરિયલે પેલેસ્ટીનીઓની હત્યા કરી, તેણે લેબેનોનમાં સાબ્રા શતિલા શરણાર્થી શિબિરોમાં પેલેસ્ટીનીઓનો નરસંહાર કર્યો અને ઈન્તિફાદામાં હજારો પેલેસ્ટીનીઓને માર્યા હતા. તેઓ ઈઝરાયેલના વડાપ્રધાન હતા અને તેને ક્યારેય યુદ્ધ ગુનેગાર તરીકે દર્શાવવામાં આવ્યો ન હતો.

સોવિયેત યુનિયનમાં જન્મેલા યિત્ઝાક શમીરે કિંગ ડેવિડ હોટેલ ઉપર બોમ્બ વિસ્ફોટ કર્યો અને ૯૦થી વધુ લોકો માર્યા ગયા હતા. બાદમાં તેઓ ઈઝરાયેલના વડાપ્રધાન બન્યા હતા. ઈઝરાયેલના પૂર્વ વડાપ્રધાન શિમોન પેરેસે સંયુક્ત રાષ્ટ્રના કમ્પાઉન્ડમાં ૧૦૦થી વધુ પેલેસ્ટીનીઓની હત્યા કરી હતી. તેમને નોબેલ પુરસ્કાર પણ આપવામાં આવ્યો હતો. આજના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુના હાથ પણ પેલેસ્ટીનીના લોહીમાં લથબથ છે. તેમના અપરાધના રેકોર્ડ હોવા છતાં યુએસ અને યુરોપિયન નેતાઓ તેમને આવકારવા માટે રેડ કાર્પેટ પાથરી રહ્યા છે જયારે ICC મૌન છે.

જૂન ૧૯૬૭ના આક્રમક યુદ્ધમાં ઈઝરાયેલના કબજા હેઠળની પેલેસ્ટીનીઓની જમીનોમાં યહૂદી સ્થળાંતર કરનારાઓ માટે નવી વસાહતો બાંધવા માટે પેલેસ્ટીની જમીનો હડપ કરવી અને પ્રતિકાર કરી રહેલા પેલેસ્ટીનીઓની હત્યા કરવી એ રોજિંદી બાબત બની ગઈ છે. ગયા અઠવાડિયે આત્યંતિક ઈઝરાયેલના નાણાપ્રધાન બેઝાલેલ સ્મોટ્રિચે પેલેસ્ટીના ગામને ભૂંસી નાખવાની હાંકલ કરી હતી. પેલેસ્ટીનીઓની હત્યા માટે ઈઝરાયલને યુએસ, યુકે અને યુરોપ દ્વારા સમર્થન આપવામાં આવે છે. અને યુએસ, યુકે અને ફ્રાન્સ દ્વારા સત્તામાં સ્થાપિત આરબ આ પેલેસ્ટીનીઓ ઉપરના રોજિંદા ઈઝરાયેલી અત્યાચારો તરફ આંખ આડા કાન કરે છે. આવા સંજોગોમાં ICCએ પુતિન માટે ધરપકડ વોરંટ જારી કર્યું હતું. આ વર્તમાન વિશ્વ છે જયાં વિશ્વભરમાં અવાજહીન અને અસહાય લોકો, અને ખાસ કરીને મુસ્લિમોની વેદના વચ્ચે યુદ્ધના ધંધાર્થીઓ અને શસ્ત્રોનો ઉદ્યોગ ચાલી રહ્યો છે.

# યુવાનને શરમાવે તેવા ઉર્જાવાન અને કર્મનિષ્ઠ નિવાસી અધિક કલેક્ટર એલ.બી. બાંભણીયા વયનિવૃત્ત : કલેક્ટર કચેરીમાં ભાવુક દ્રશ્યો સર્જાયા




## ફરજના અંતિમ દિવસે વર્ગ-૪ના ૯૦ કર્મયોગીઓને વીમા કવચની ભેટ આપી

જૂનાગઢ, તા.૩

યુવાનને શરમાવે તેવી ઉર્જાથી ભરપૂર, મિલનસાર સ્વભાવના ધની અને પ્રજાલક્ષી પ્રશ્નો તથા જટિલ મહેસૂલી ગૂંચવડાઓને સરળતાથી હલ કરનાર કુશળ અધિકારી એવા શ્રી નિવાસી અધિક કલેકટર શ્રી એલ.બી. બાંભણીયા વયનિવૃત્ત થતા કલેકટર કચેરીમાં ભાવુક દ્રશ્યો સર્જાયા હતા.

નાના કર્મચારીઓનું વિશેષ ધ્યાન રાખતા એલ.બી. બાંભણીયાએ ફરજના અંતિમ દિવસે પણ પટ્ટાવાળા, ડ્રાઈવર, સફાઈકર્મી, ઓપરેટર, સિક્યુરિટી ગાર્ડ જેવા કુલ-૯૦ કર્મચારીઓને પ્રધાનમંત્રી જીવન જયોતિ વીમા યોજના અને પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજનાનું કવચ પૂરૂ પાડ્યું હતું. આ સાથે આ વિમાના પ્રીમિયમની રાશિ પેટે રૂા.૪૧૦૪૦નો ચેક અર્પણ કર્યો હતો. કલેકટર કચેરી ખાતે તા.૩૧ માર્ચના રોજ અધિક નિવાસી કલેકટર એલ.બી. બાંભણીયાની ચેમ્બરનું રાજકીય-સામાજિક મહાનુભાવોથી ઉભરાયેલી હતી. સાથે જ વર્ગ-૪થી માંડી તમામ અધિકારી કર્મચારીઓએ નિવૃત્ત જીવનની શુભકામનાઓ પાઠવી હતી. આ મહાનુભાવો અધિકારી અને કર્મચારીઓ શ્રી એલ.બી. બાંભણીયા સાથેના સંસ્મરણો યાદ કરી આંખમાંથી આંસુને રોકી શક્યા ન હતાં. એલ. બી. બાંભણીયા ઉમદા અધિકારી તો ખરા જ. સાહિત્ય અને પ્રકૃતિ સાથે તેમનો ખૂબ અંગત નિસબત રહી છે. કલેકટર કચેરીના પરિસરમાં વૃક્ષોના વાવેતર કરવાની સાથે તેમનું જતનની પણ એટલી જ કાળજી લીધી હતી. આ વિદાય સમારોહમાં કલેકટર રચિત રાજ શ્રીફળ અને સાકરનો પળો અર્પણ કરતા અને એલ.બી. બાંભણીયાની કાર્યનિષ્ઠાને બિરદાવતા કહ્યું કે, તેમની કાર્યપ્રણાલી પદચિહ્નો કાયમ માટે રહી જવાના છે. અને તેમની નિષ્ઠા, ધગશ, પ્રજાલક્ષી કામો માટે સમર્પિત ભાવ અને ટીમ વર્ક કરવાની કામ કરવાની તેમની ભાવના કાયમ માટે સૌને પ્રેરિત કરનારી રહેશે. આ પ્રસંગે એલ. બી. બાંભણીયાએ તેમના સેવાકાળ દરમ્યાનના સંસ્મરણો વાગોળતા અને પોતાના માતા-પિતા અને પરિવારજનોની યાદ કરતા કહ્યું કે, ઉંમરના પડાવને માત્ર આકડા સમજી જિલ્લાના યુવા કલેકટર રચિત રાજ સાથે તાલ મિલાવવાનો પ્રયાસ કર્યો હતો. તેમાં શ્રેષ્ઠ કામગીરી કરવાનો સંતોષ પણ છે. જૂનાગઢ જિલ્લો સીએમ ડેશકબોર્ડ અને ડિસ્ટ્રીક્ટ મેટ્રિક્સ સ્કોરમાં સમગ્ર રાજ્યમાં પ્રથમ નંબરે પહોચ્યો છે. આજે વય નિવૃત થતા અસંખ્ય મહાનુભાવો અને લોકોએ રૂબરૂ તથા ટેલિફોનિક શુભેચ્છાઓ પાઠવી છે. તેનો આનંદ વ્યકત કરતા શ્રી બાંભણિયાએજાણતા-અજાણતા કોઈ ભૂલ થઈ હોય તે માટે મિચ્છામી દુક્કડમ કહી ક્ષમાપ્રાર્થી હતી. આ પ્રસંગે આસિસ્ટન્ટ કલેકટર હનુલ ચૌધરી, પ્રાંત અધિકારી કિસન ગરચર, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી રાજેશ ચૌહાણ સહિતના અધિકારી-કર્મચારીઓએ એલ. બી. બાંભણીયા સાથેના સંસ્મરણો વાગોડ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રાંત અધિકારી ભૂમિબેન કેશવાલાએ કર્યું હતું.

# ગીર સોમનાથ જીલ્લાના નવનિયુકત જીલ્લા કલેકટર હિરજીભાઈ વઢવાણીયા આજે ચાર્જ સંભાળશે

(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)



પ્રભાસ પાટણ, તા.૩

તાજેતરમાં ૧૦૯ જેટલા જીલ્લા કલેકટરો-સચિવોની બદલી-પ્રમોશન થવા પામેલ છે તેમાં ગીર સોમનાથ જીલ્લાના કલેકટર તરીકે ગાંધીનગરથી હરજીભાઈ વઢવાણીયાની નિમણુંક થવા પામેલ છે. તેઓ આજ સોમવાર તા.૩ એપ્રિલના રોજ ગીર સોમનાથ જીલ્લા કલેકટર તરીકે ચાર્જ સંભાળી રહ્યા છે. તેઓ મુળ સૌરાષ્ટ્રના છે અને ભાવનગર મુકામે તા.૭/૮/૧૯૬૪ના રોજ જન્મેલા તેઓ એગ્રીકલ્ચર ટેકનોલોજી મેનેજમેન્ટ આત્મા એજન્સીના ડાયરેકટર ગાંધીનગર ખાતે કાર્યરત હતા. ૨૦૧૧ની બેંચના તેઓ ૩૦/૧/૨૦૧૭થી આઈએએસ બન્યા, સરળ,ન્યાયી, કાર્યકુશળ સ્વભાવ એવા તેઓએ બીએસસી એગ્રીકલ્ચર, એમ.એસ.સી. એગ્રીકલ્ચર, એકક્ષટેન્સના મેનેજમેન્ટ તેજસ્વી શૈક્ષણિક કાર્કીદી ધરાવે છે. તેઓ ડીડીઓ ડાંગ તેમજ જીલ્લા કલેકટર તાપી ખાતે સફળ કામગીરી બજાવી રાજય ગૌરવ વધારેલ છે.

# દ્વારકામાં પરંપરાગત આદિવાસી હસ્તકલા કૃતિ, આહાર, વનૌષધી વેચાણ અને પ્રદર્શન મેળો યોજાયો




(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩

દેવભૂમિ દ્વારકાના એન.એચ.ડી. ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે આદિજાતિ વિકાસ વિભાગ તેમજ ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી દ્વારા પરંપરાગત આદિવાસી હસ્તકલા કૃતિ, આહાર, વનૌષધી વેચાણ અનેપ્રદર્શનમેળો તેમજ ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી., મહિલા અને બાળ વિકાસ વિભાગ આયોજિત મહિલા આર્ટ એન્ડ ક્રાફટ ફેસ્ટિવલનો પ્રારંભ થયો હતો. પરંપરાગત આદિવાસી હસ્તકલા કૃતિ, આહાર, વનૌષધી વેચાણ અને પ્રદર્શન મેળાના મુખ્ય આકર્ષણો આદિવાસી વિસ્તારની પરંપરાગત હસ્તકલા - કૃતિ વેચાણ અને પ્રદર્શન, આદિવાસી પરંપરાગત આહાર સ્ટોલ, પરંપરાગત ખેત ઉત્પાદન વેચાણ, ગૌણવન પેદાશોનું વેચાણ, વન ઔષધિઓનું વેચાણ અને પ્રદર્શન થયું હતું. મહિલા હાથશાળ હસ્તકલાનું પ્રદર્શનસહ વેચાણ મહિલા આર્ટ એન્ડ ક્રાફટ ફેસ્ટિવલમાં મહિલાઓ દ્વારા ઉત્પાદિત વસ્તુઓ જેવી કે હાથશાળ, માટીકામ, મોતિકામ, ચર્મકામ વાંસકામ, પટોળા, બાંધણી, કચ્છી ભરત કામ, સહિતની વસ્તુઓનું વેચાણ સહ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

# ભચાઉ, ગાંધીધામ-આદિપુર, ચુલી-હળવડ અને જેતલસર-લુશાળા અને ભાવનગર જેટી વિભાગમાં પ્રથમ વખત ઈલેકટ્રીક એન્જીનના ટ્રાયલ રનનું નિરીક્ષણ પૂર્ણ



અમદાવાદ, તા.૩

સેન્ટ્રલ ઓર્ગેનાઈઝેશન ફોર રેલ્વે ઈલેક્ટ્રિફિકેશન (CORE) હેઠળના રેલ્વે ઈલેક્ટ્રિફિકેશન, અમદાવાદ યુનિટે અમદાવાદ ડિવિઝનના ભચાઉ-ગાધીધામ-આદિપુર, ચૂલી-હળવદ અને જેતલસર-લુશાળા અને ભાવનગર-ભાવનગર જેટી સેકશનને કમિશન કરીને પશ્ચિમ રેલવેના ભાવનગર ડિવિઝનમાં વધુ એક સિદ્ધિ મેળવી છે. ૨૯.૦૩.૨૩ થી ૩૧.૦૩.૨૩ સુધી સતત નિરીક્ષણો સાથે RKMની દ્રષ્ટિએ એકંદર લંબાઈ ૧૭૮ અને ૨૮૯ TKM છે. પશ્ચિમ રેલ્વેના પ્રિન્સિપાલ ચીફ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (PCEE) જી.એસ. ભાવરિયા દ્વારા સફળ નિરીક્ષણ બાદ ઉત્કૃષ્ટ કાર્ય પ્રાપ્ત થયું છે, જે નવા ઈલેક્ટ્રિફાઈડ વિભાગમાં ગુડ્સ અને પેસેન્જર ટ્રેન ખોલવા માટે ફરજિયાત છે. ફરજિયાત તપાસમાં પશ્ચિમ રેલવેના અમદાવાદ અને ભાવનગર વિભાગના શાખા અધિકારી સાથે હતા. PCEE/WRને વિભાગ ઓફર કરતા પહેલા, ઈલેક્ટ્રિક લોકો ટ્રાયલ વિભાગીય ગતિએ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે. જી.એસ. ભાવરિયા, PCEE/WR એ વિભાગનું નિરીક્ષણ કર્યું અને OHE સિસ્ટમની વિશ્વસનીયતા અને સલામતીમાં તકનીકી પાસાઓ અને સુધારાઓ માટે સલાહ આપી. CORE/અલ્હાબાદ હેઠળ અમદાવાદના રેલવે ઈલેક્ટ્રિફિકેશન એકમ દ્વારા કમિશ્ડ સેકશનની સિદ્ધિ, આ વિભાગ સહિત એકંદરે ૨૦૨૨-૨૩ના આ નાણાકીય વર્ષમાં પશ્ચિમ રેલવેના ૬૭૦ રૂટ કિલોમીટર અને ૧૦૦૯ ટ્રેક કિલોમીટરનો સમાવેશ થાય છે.

આ ટ્રેક રૂટમાં ઈલેક્ટ્રિક ટ્રેક્શન શરૂ થયા બાદ નજીકના ભવિષ્યમાં ઝડપી અને સારી ટ્રેન સેવાઓ શક્ય છે. આ GREEN INDIA ના મહત્વાકાંક્ષી ધ્યેયને પણ સમર્થન આપશે, જે ભારતીય રેલ્વેની સૌથી તાજેતરની ગ્રીન પહેલ છે. એકવાર ૧૦૦ ટકા ઈલેક્ટ્રિફિકેશન હાંસલ કરી લીધા પછી, ભારતીય રેલ્વે ભારતીય ઉર્જા ક્ષેત્રે એક ગેમ ચેન્જર બનવા જઈ રહી છે અને દેશ માટે ઉચ્ચ કાર્બન માર્ગને અનુસર્યા વિના તેના નૂર અને પેસેન્જર સેગમેન્ટને વિકસાવવાની મોટી તક છે. દેશોએ ભૂતકાળમાં પીછો કર્યો છે. રેલવે ઈલેક્ટ્રિફિકેશન પૂર્ણ કરવાનો ફાયદો ઘણો પ્રભાવશાળી છે કારણ કે તે ઈંધણની આયાત સાથે સંકળાયેલ નાણાકીય બોજ અને તેની નિર્ભરતામાં ઘટાડો કરશે જે કાર્બન ફૂટપ્રિન્ટને ઘટાડવામાં મદદ કરશે. આનો અર્થ એ છે કે જ્યારે રેલ્વે નેટવર્ક સંપૂર્ણપણે ઈલેક્ટ્રિફાઈડ થઈ જશે, ત્યારે ડીઝલ લોકોમોટિવથી ચાલતી ટ્રેનો કામ કરવાનું બંધ કરશે, આમ પ્રદૂષણને નાબૂદ કરવામાં અને આયાતી ઈંધણ ઉપરની ભારતની નિર્ભરતાને ઘટાડવામાં ફાળો આપશે. ઈલેક્ટ્રિફાઈડ પ્રોજેક્ટ નજીકના ભવિષ્યમાં ઉર્જા-કાર્યક્ષમ અને પર્યાવરણ-મૈત્રીપૂર્ણ પરિવહન મોડ પ્રદાન કરવાના વિઝન સાથે દેશની ઊર્જા સુરક્ષાને વધારવામાં મદદ કરશે.

# રાજકોટ સિવિલ બ્લડ બેન્ક ખાતે જર્મન બનાવટનું અત્યાધુનિક ક્રાયોફ્યુજ સેન્ટ્રીફ્યુઝ મશીન સાંસદ રામભાઈ મોકરિયા અને ધારાસભ્ય ડો. દર્શિતાબેનની ઉપસ્થિતિમાં લોકાર્પિત કરાયું

## ૩૦ મિનિટમાં એકસાથે ૧૬ બોટલ લોહીના ઘટકોને છુટા પાડતું જર્મન બનાવટનું રૂા.૩૮ લાખનું ક્રાયોફ્યુજ સેન્ટ્રીફ્યુઝ મશીન




(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૩

રાજકોટ સિવિલ બ્લડ બેંક ખાતે અને ધારાસભ્ય ડો. દર્શિતાબેનની ઉપસ્થિતિમાં જર્મન બનાવટનું અત્યાધુનિક ક્રાયોફ્યુજ સેન્ટ્રીફ્યુઝ મશીન લોકાર્પિત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસદ રામભાઈ મોકરિયાએ દાતા હાય-કોન ટેક્નોકાસ્ટ પ્રાઈવેટ લિમિટેડના કિરણભાઈ વાછાણીનો આભાર માની જણાવ્યું હતું કે, રાજકોટ સિવિલ ખાતે અત્યાધુનિક મશીન આવતા જરૂરિયાતમંદ દર્દીઓની સુવિધામાં વધારો થશે. સિવિલ હોસ્પિટલ ખાતે વધુને વધુ ઉત્કૃષ્ઠ સારવાર મળી રહે તે માટે સરકારશ્રીની પ્રતિબુદ્ધતા તેઓએ આ તકે દર્શાવી હતી. ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહે અત્યાધુનિક મશીન અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, આ ક્રાયોફ્યુજ સેન્ટ્રીફ્યુજ મશીન એક સાથે ૧૬ બોટલ રક્તને અલગ અલગ ત્રણ ઘટકોમાં વિભાજીત કરી શકે છે. જે થેલેસેમિયા, હિમોફિલિયા, ડેન્ગ્યુ, ન્યુરો, પ્રસૂતા મહિલાઓ સહિતના દર્દીઓને ખુબ જ મદદરૂપ બનશે. મશીન ઈકો ફ્રેન્ડલી છે, તેમજ મેનપાવરની પણ બચત થશે તેમ મશીનની ઉપયોગીતા સમજાવતા ડો. દર્શિતાબેને જણાવ્યું હતું. જર્મન બનાવટનું થર્મો ફિશર સાઈન્ટિફિક કંપનીનું મશીન ઓટોમેટેડ છે, સિંગલ ફેજ આધારિત ઓછી વીજ ખપત સાથે ૩૦% જેટલું વધુ કમ્પોનન્ટ ઉત્પાદન કરી શકતું હોઈ અત્યાધુનિક હોસ્પિટલ્સ તેમજ લેબમાં ઉપયોગમાં લેવામાં આવે છે. રાજકોટ સિવિલ બ્લડ બેંક ખાતેથી મહિને ૨૨૦૦ જેટલી બોટલ રકત જરૂરિયાતમંદ દર્દીઓને પૂરી પાડવામાં આવે છે ત્યારે આ મશીનના ઉપયોગથી વધુ કાર્યક્ષમતા સાથે રક્તની જરૂરિયાતને પહોંચી શકાશે. કાર્યક્રમના પ્રારંભે મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત તેમજ રીબીન કાપી મશીન ખુલ્લું મુકવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુ, સિવિલ અધિક્ષક ડો. આર.એસ.ત્રિવેદી, પેથોલોજી ડિપાર્ટમેન્ટના હેડ ડો. ગૌરવી ધ્રુવા, બ્લડ બેક્રના ડો. પાયલ, ડો. દીપા, ડો. અમલાણી, શ્રીમદ રાજચંદ્ર સેવા ગ્રુપના વિનય જસાણી, બ્લડ બેક્રનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

# ખંભાળિયામાં એચડીએફસી બેન્કની બીજી બ્રાન્ચ ખુલ્લી મુકાઈ




(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩

ખંભાળિયાના જડેશ્વર રોડ ઉપર એચડીએફસી બેક્રની નવી બ્રાન્ચ શરૂ કરવામાં આવી છે. આ તકે ખંભાળિયાના ધારાસભ્ય અને વન પર્યાવરણ અને ક્લાયમેટ ચેન્જ વિભાગના કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાએ ખાસ ઉપસ્થિત રહી, શુભારંભપ્રસંગે બેંક સત્તાવાળાઓ તેમજ આગેવાનો, કાર્યકરોને શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે બેંકના અધિકારી નીરજભાઈ દતાણી સાથે જામનગરના અગ્રણી ઉદ્યોગપતિ વિપુલભાઈ કોટક, નિલેશભાઈ ઉદાણી, ખંભાળિયા નગરપાલિકાના જીગ્નેશભાઈ પરમાર, ઉપપ્રમુખ જગુભાઈ રાયચુરા, રવિરાજસિંહ જાડેજા, ઈન્દ્રજીતસિંહ પરમાર, ભરતભાઈ મોટાણી સાથે એચડીએફસી બેક્રના અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ખંભાળિયા તાલુકાના સલાયા ગામે લિમ્બચ માતાજીની જન્મ જયંતીની ભવ્ય ઉજવણી કરાઈ




(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩

ખંભાળિયા તાલુકાના સલાયા ગામે પરમાર પરિવાર (વાણંદ સમાજ) દ્વારા શ્રી લિમ્બચ માતાજીની જન્મ જયંતીની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. સલાયા ખાતે પ્રથમ વખત શ્રી લીમ્બચ માતાજીની જન્મજયંતી નિમિતે ભવ્ય રીતે ઉજવવામાં આવી હતી. જેમાં ગોરણીઓને જમાડવામાં આવેલ હતી. સાથે માતાજીના નૈવિધ્ય ધરી, માતાજીની પૂજા તથા સ્તુતિ કરી હતી. આ કાર્યક્રમમાં સલાયા શહેર ભાજપ મહામંત્રી અને રઘુવંશી સમાજના અગ્રણી લાલજીભાઈ ભૂવા દ્વારા પરિવારના સદસ્યોનું ઉપરણા ઓઢાડી તેમજ લિમ્બચ માતાજીની છબી અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું.



ભ્રષ્ટાચાર ક્ષેત્રે કોણે કેટલો વિકાસ કર્યો ? ખરેખર તો તેની નોંધ લેવાય તે જરૂરી છે !




બચત કરવાની વાત છોડો અહિં તો ઘર ખર્ચ ચલાવવા માટે રૂપિયા ઓછા પડે છે !

